RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-3 Ahmedabad, Wednesday 05/10/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?




દશેરા વિજયા દશમી 2



આનંદનો અતિરેક ઘટાડીએ 3




વૈદિક ગણિત 4



બટનનું ફૂલ ક્રાફ્ટ 5



‘વિશ્વના સૌથી Powerful રાષ્ટ્રપતિ બરાક ઓબામા 9



ઉરીના આંતકી હુમલા પછી... ૧૨


# ઓક્ટોબર માસનાં સંભારણા

ઓકટોબર માસમાં વિશ્વવંદનીય યુગપુરૂષ મહાત્મા ગાંધીજી તથા અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવી મહાન વિભૂતિઓ યાદ આવે એ સાથે પ્રિયદર્શની શ્રીમતી ઈન્દિરા ગાંધી ડો. હોમી ભાભા, શ્યામજી કૃષ્ણવર્મા, લાલ બહાદુર શાસ્ત્રી, સ્વામી રામતીર્થ, ભગિની નિવેદિતા, શ્રીમતી એનીબેસન્ટ વગેરે મહાન વ્યક્તિઓની જન્મતિથિ કે પુણ્યતિથિ અચૂક યાદ કરીએ છીએ. આ મહાન પુરૂષોના જીવનના કાર્યોને જાણીએ, તેમના સંદેશને અનુસરીએ, તેમના સિધ્ધાંતો મુજબ ચાલીએ, એમણે આપેલા માર્ગો આગળ વધી, દેશ સેવા કરતાં રહીએ અને બાળકોને એમના જીવનના જીવન પ્રસંગો કહી તેમનામાં રાષ્ટ્ર ભાવના ઉજાગર કરીએ. આ મહાન વિભૂતિઓની ઝાંખી કરી તેમના જીવનનાં નીચોડરૂપી અનુભવો આપણાં જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ.




**મહાત્મા ગાંધીની એક વિચારધારા**

**સેવાઃ** પિતૃ-માતૃભકત (શ્રવણ નાટક જોઇને)

**સત્ય :** સત્ય એજ ઇશ્વર (સત્યવાદી હરિશચંદ્ર નાટક જોઇને)

**અહિંસા :** કોઇને દુ:ખ પહોંચાડવું એ હિંસા છે. (મહાવીર સ્વામી સાદુ જીવન અને ઉચ્ચ વિચારએ એમનો આદર્શ હતો)

**સ્વચ્છતાઃ** સ્વચ્છતા રાષ્ટ્રીય સદ્‌ગુણ ગાંધીજી ગંદકીને રાષ્ટ્રીય રોગ ગણતા હતા.

**ચોક્કસાઇઃ** નાના બાળકે આપેલી પેંન્સિલના ઉદાહરણથી જાણી શકાય.

**કરકસરઃ** પાણી જરૂર પૂરતુ જ વપરાય તેનો દૂરઉપયોગ ન કરાય.

**ખરાબ અક્ષરઃ** ખરાબ અક્ષર એ અધુરી કેળવણીની નિશાની છે.


**બાળલગ્નઃ** નૈતિક તેમજ શારિરિક પાપ છે.

રાષ્ટ્રીય ભજન: વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઇ જાણે રે...

**રાષ્ટ્રીય ધૂનઃ** ઇશ્વર-અલ્લાહ તેરે નામ સબકો સન્મતિ દે ભગવાન

**જીવન સંદેશઃ** “મારૂં જીવન એ જ મારો સંદેશ”

**સત્યાગ્રહી સરદાર : -**



સરદાર આમ તો આખા હિંદના હતા. પણ તેઓ જન્મે ગુજરાતી હતા. ગરવી ગુજરાતનાં એ અનોખા પૂત્ર હતા. ગાંધીજીની આગેવાની હેઠળ સ્વતંત્રતાની જે આકરી લડત પૂરી થયા પછી જ્યારે બ્રિટીશ સત્તાએ દેશમાંથી વિદાય લીધી ત્યારે સ્થિતિ એવી હતી કે દેશ છિન્ન – ભિન્ન થઇ જાય છે એવી અણીની વેળાએ દેશી રાજ્યોને હિંદ સાથે ભેળવી દઇ દેશની એકતા ટકાવી રાખીને સરદારે પોતાની કુનેહ અને વ્યવસ્થા શક્તિનો પરચો હિંદને અને જગતને બતાવ્યો. સરદારનું એ કાર્ય આપણા દેશના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધવાને પાત્ર છે. આપણા દેશના આવા મોટા યોદ્ધા અને મુત્સદીના જીવન અને કાર્યનો ઉગતા વિદ્યાર્થીઓને ખ્યાલ આવે એ દ્રષ્ટિએ સરદારનું સમયચક્ર રજૂ કરેલ છે.

**ઇ.સ. ૧૮૭૫:** ૩૧ ઓક્ટોબર મોસાળ નડિયાદમાં જન્મ

**ઇ.સ. ૧૯૦૦:** ડિસ્ટ્રીકટ પ્લીડરની પરીક્ષા પાસ કરીને ગોધરામાં વકીલાતની શરૂઆત.

**ઇ.સ. ૧૯૦૫:** પોતાની જગ્યાએ મોટાભાઇ વિઠ્ઠલભાઇને બેરિસ્ટર બનવા માટે ઇંગ્લેન્ડ જવાની તક આપી.

**ઇ.સ. ૧૯૧૦:** બેરિસ્ટર બનવા માટે ઇંગ્લેન્ડ ગયા.

**ઇ.સ. ૧૯૧૭:** અમદાવાદ મ્યુનિસિપાલિટીના સભ્ય તરીકે ચૂંટાઇને જાહેર જીવનમાં સક્રિય બન્યા. પહેલી ગુજરાત પ્રાંતિય પરિષદના પ્રમુખ, ગાંધીજીએ રચેલી સમિતિમાં વલ્લભભાઇ સેક્રેટરી નીમાયા.

**ઇ.સ. ૧૯૧૮:** અમદાવાદમાં દુષ્કાળ રાહતનું કામ કર્યું

**ઇ.સ. ૧૯૨૨:** રંગૂન સુધી પ્રવાસ ખેડીને ગુજરાત વિદ્યાપીઠ માટે ૧૦ લાખ રૂપિયા જેટલું ભંડોળ એકઠું કર્યું.

**ઇ.સ. ૧૯૨૮:** બારડોલી સત્યાગ્રહની આગેવાની લીધી. અને વલ્લભભાઇમાંથી સરદાર બન્યા

**ઇ.સ. ૧૯૩૨:** ૧૬ માસની જેલ થઇ માતા લાડબાઇનું મૃત્યુ.

**ઇ.સ. ૧૯૩૮:** હરિપુરા અધિવેશનમાં સ્વાગત પ્રમુખ તરીકે જવાબદારી ઉત્તમ રીતે નિભાવી.

**ઇ.સ. ૧૯૪૦:** સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ ધરપકડ થઇ.

**ઇ.સ. ૧૯૪૨:** હિંદ છોડો આંદોલન ના પગલે ધરપકડ જીવનનો સૌથી લાંબો કારાવાસ.

**ઇ.સ. ૧૯૪૫:** લગભગ પોણા ત્રણ વર્ષની વયે જેલ પછી આંતરડાની બિમારીએ ઉથલો માર્યો.

**ઇ.સ. ૧૯૪૭:** આઝાદ ભારતના નાયાબ વડાપ્રધાન, ગૃહમંત્રી, માહિતી પ્રસારણ મંત્રી બન્યા. દેશી રજવાડાના વિલીનીકરણની ઐતિહાસિક પ્રક્રિયાનો આરંભ.

**ઇ.સ. ૧૯૪૮:** જૂનાગઢ અને હૈદ્રાબાદને ભારતમાં ભેળવી દીધા. ગાંધીજીના મૃત્યુ પછી માનસિક રીતે ભારે ધક્કો અનુભવ્યો હૃદય રોગનો હુમલો.

**ઇ.સ. ૧૯૪૯:** જુદા-જુદા રજવાડાનાં સંઘ રચવાની પ્રક્રિયા પૂર્ણતા તરફ આગળ વધી. રાજવીઓ માટે સાલિયાણાં નક્કી કર્યા.

**ઇ.સ.૧૮૫૦:** ૧૫મીડિસેમ્બરની સવારે મુંબઇમાં ભારતે લોખંડી પુરૂષને ગુમાવ્યા.

**આધુનિક ભારતનાં દુર્ગાઃ**

**જન્મ ઈ.સ. ૧૯-૫-૧૯૧૭ અવસાન ઈ.સ. ૦૧-૧૦-૧૯૮૪**

સ્વતંત્ર ભારતના ત્રીજા પ્રધાનમંત્રી ભારતની રાજકીય ક્ષિતિજ પરનું એક સ્વયં પ્રકાશિત અને અતિ અસાધારણ સ્ત્રી રત્ન એટલે ઈન્દિરા ગાંધીજી

આખા વિશ્વએ જેમનો સ્વીકાર દેશના વડા તરીકે જ નહીં પણ વિશ્વકક્ષાના એક વિચક્ષણ મુત્સદ્દી તરીકે કરેલો.

ભારતીય પ્રજામાં તેમના જાદુઇ વ્યક્તિત્વનો જબરદસ્ત પ્રભાવ હતો અને લોકશાહી પ્રણાલી હેઠળ પ્રસ્થાપિત પ્રધાનમંત્રીઓમાં તે એક ખૂબજ શક્તિશાળી વડાપ્રધાન હતા.



શ્રી ઈન્દિરાજીના જીવન સાથે સંકળાયેલા થોડા પ્રેરક ઉચ્ચારણો આપણને આ મહાન મુત્સદી અને ભારતના પ્રથમ મહિલા પ્રધાનમંત્રીના સ્વભાવ તથા મનોબળની ઝાંખી કરાવશે.

પિતા નહેરૂએ એકવાર પૂછ્યું બેટા પ્રિયદર્શની તને શું બનવું પસંદ છે? તેમણે જણાવ્યુ ’હું હું‘ જ બનવા માગુ છું. બીજા કોઈની નકલ મારે નથી બનવું.

“ગરીબી હટાવો”નું સૂત્ર તેમજ ઈન્દિરાજી આઈ હૈ નઈ રોશની લાઈ હૈ” ના નારાને વાસ્તવિક રૂપે મૂકતાં ઈન્દિરાજી કહેતા ‘આવડા મોટા દેશમાં મુશ્કેલીઓ સદંતરપણે છૂમંતર ન થાય’ શિસ્ત અને કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. બાપુએ આઝાદી અપાવી, આપણે હવે કદમ મિલાવી આઝાદી મેળવીએ.

દેશમાં સરકાર કંઇ કામ જ નથી કરતી તેવું કહેવાથી લોકોનો આત્મવિશ્વાસ ઉઠી જાય. ટીકાઓ જરૂર કરવી પણ તે પ્રેરણાત્મક અને પ્રોત્સાહીત કરે તેવી કરવી.

૩૦મી ઓકટોબર, ૧૯૮૪ના રોજ ઈન્દિરાજી ઓરિસ્સાના પ્રવાસમાં હતા. અગમના એંધાણ જેવું તેમનું છેલ્લુ ભાષણ દેશની પ્રજાના કાનમાં જાણે આજે પણ પડઘા કરે છે. “લાંબા જીવવામાં મને સહેજ પણ રસ નથી. મને ગૌરવ છે કે રાષ્ટ્રની સેવામાં મેં મારું જીવન સમર્પિત કર્યું છે. મારું મૃત્યુ આજે થાય તો પણ શું મારા લોહીનું એક ટીપુ રાષ્ટ્રના વિકાસ માટે ઉપયોગી થશે. રાષ્ટ્રને ગતિશીલ અને મહાન બનાવશે.” કેટલા લાગણીશીલ શબ્દો! બીજે જ દિવસે ૩૧મી ઓકટોબર ૧૯૮૪ના રોજ પૂ. ગાંધીબાપુની જેમ જ ઈન્દિરાજીના જીવનનો ખૂબ જ દુ:ખદ અને અચાનક અંત આવ્યો. તેમના જ અંગરક્ષકો દ્વારા કરેલા ગોળીબારથી તેમની થયેલી હત્યાએ આખા દેશને શોકમાં ધકેલી દીધો હતો.




શ્રીમતી ઈન્દિરાજી એક એવા દેશ નેતા થઇ ગયો જે પોતાની દૃઢ સંકલ્પ શક્તિ સાહસ અને નોંધપાત્ર ગુણો વડે લોકોનાં હૃદયમાં સદા અમર રહેશે.

**સથવારા નિમિષા**
**પ્રિન્સીપાલ**

# સત્તર વર્ષીય યુવતીની અદ્વિતીય સફળતા

માલવિકા રાજ જોશી એક એવુ નામ કે જેની પાસે નથી ધોરણ ૧૦ કે ધોરણ ૧૨ના શાળાના સર્ટીફિકેટ છતાં આ ૧૭ વર્ષીય છોકરી એ પ્રતિષ્ઠિત માસાચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (એમ.આઇ.ટી) માં પછી તેને ડિગ્રી વિના જ પ્રવેશ મળી ગયો છે. હકીકતમાં માલવિકા ને કમ્પ્યુટર પોગ્રામનો વિષય ખૂબ જ પસંદ છે તેથી તે આમાં ઘણી જ તેજસ્વી છે. સાથે સાથે માલવિકાની માતા પણ એવી મહિલા છે જે સર્ટીફિકેટ કરતાં જ્ઞાનને વધુ પ્રાધાન્ય આપે છે. માલવિકા એ પોગ્રામિંગ ઓલમ્પિયાડમાં બે રજત અને એક કાંસ્ય પદક મેળવ્યા હતા. જેનાથી આઇ.ટીમાં પ્રવેશ મળી ગયો.



એમ.આઇ.ટી ની જોગવાઇ અનુસાર ઓલમ્પિયાડ (ગણિત, ભૌતિકશાસ્ત્ર અને કમ્પ્યુટર) માં મેડલ જીતનાર યુવક-યુવતીઓને તે ઇન્સ્ટીટ્યુટમાં પ્રવેશ આપે છે. પરંતુ માલવિકા એ માત્ર પ્રવેશ જ નહિં પણ પોતાના સપના સાકાર કરવાની તક પણ મેળવી લીધી છે. માલવિકા જુની યાદો યાદ કરતા કહે છે, “મેં ચાર વર્ષ પહેલા જ શાળા છોડી દીધી હતી.” તેના પછી મે અનેક વિષયો વાંચ્યા, પ્રોસેસિંગ તેમાંનો એક હતો. મને પોગ્રામિંગ ઘણો સારો વિષય લાગ્યો અને મેં અન્ય વિષયોની અપેક્ષાએ આના પર વધુ ધ્યાન આપવાનું શરૂ કરી દીધુ હતું.

ભારતીય આઇ.આઇ.ટી સંસ્થાઓનાં કડક નિયમો અનુસાર તેમાં એડમિશન લેવા માટે ધોરણ ૧૨ પાસ હોવું જરૂરી છે. માલવકિાને પ્રવેશ આપનાર ચેનાઇ મેથેમેટીકલ ઇન્સ્ટીટ્યુટ (સી. એમ.આઇ) એક માત્ર સંસ્થા હતી. કેમકે તેનું જ્ઞાન બીએસસી સ્તરનું છે. ઇન્ડિયન કમ્પ્યુટરીંગ ઓલિમ્પિયડના નેશનલ કો. ઓર્ડિનેટર અને સીએમઆઇ માધવન મુકુંદે કહ્યું હતું માલવિકાને એમઆઇટીમાં પ્રવેશ ન મળવાનો સવાલ જ રહેતો નથી, કેમકે તેની ઉપલબ્ધિ જ એવી છે.

તેની માતા(સુપ્રિયા) એ તેને ધોરણ-૭માં, દાદર પારસી યુથ એસેમ્બ્લી સ્કૂલમાંથી નીકળી લેવાનો નિર્ણય લીધો. માલવિકા ખૂબ હોંશિયાર હતી. સુપ્રિયાએ કહ્યું હતું, ખુશી પરંપરાગત જ્ઞાન કરતા વધુ મહત્વપૂર્ણ છે. આ નિર્ણય લેવો સરળ નહોતો. સુપ્રિયાએ જાતે અભ્યાસ ક્રમ તૈયાર કર્યો.

# દશેરા વિજ્યા દશમી

**દશેરાનો અર્થ :** દશેરા શબ્દ સંસ્કૃત છે. શબ્દને તોડતા મરોડતા અર્થ થાય છે. 'દશ હરા' જેનો અર્થ ૧૦ વિકારોનો નાસ કરવો અથવા મનમાંથી કાઢી નાખવા તેવો થાય છે. આસો સુદ-દશમને દિવસને દશેરાના દિવસ તરીકે ઓળખાય છે. દશેરા એટલે વીરતા અને શૌર્યની ઉપસનાનું પર્વ. દશેરાનો તહેવાર અધર્મ પર ધર્મનો, અંધકાર પર પ્રકાશનો, અહંકાર પર સારપનો, અસત્ય પર સત્યના વિજયનો દિવસ છે. નવરાત્રીના નવ દિવસ જગદંબાની ઉપાસના કરી શક્તિ પ્રાપ્ત કરેલો મનુષ્ય વિજય પ્રાપ્તી માટે થનગની ઉઠે એ તદ્દ્ન સ્વાભાવિક છે. લગભગ ચારસો વર્ષથી ઉજવાતો આ ઉત્સવ ભારત સિવાય પૂર્વના ઘણા દેશો જેવા કે સુમાત્રા, જાપાન, નેપાળ વગેરેમાં પણ ઉજવાય છે. દશેરા નેપાળનો રાષ્ટ્રીય ઉત્સવ છે. આ ઉત્સવ ત્રેતા યુગમાં થયેલ વિષ્ણુના રામ અવતાર સાથે જોડાયેલો છે. આ ઉત્સવ વિજ્યા દશમી અથવા દુર્ગાત્સવ તરીકે પણ ઓળખાય છે. એનું કારણ ભારતીય પૌરાણિક કથામાં રામે માં દુર્ગાની શક્તિથી વિકારોનો નાશ કર્યો હતો. આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનો આ પર્વ છે. વિકારો સૌના મનમાં ઓછા વધતા અંશમાં રહેલા છે. તેના પર આપણે વિજય મેળવવાનો છે. આમ મનમાંથી વિકારો કાઢવાની પદ્ધતિને રાવણને બાળીને બતાવવામાં આવી છે. માણસને સારો માણસ બનાવી સારો સમાજ ઉભો કરવાનો કિમીયો છે.

એક ટૂંકી વાતથી દશેરાનો પૂરો મર્મ સમજીએ સીતા રૂપી નિર્મળ આત્મા સાથે રાવણ રૂપી દશ વિકારોથી ઘેરાયો ત્યારે દુર્ગા રૂપી શક્તિથી રામ રૂપી સાધને અતિ ખરાબ વિકારોને દૂર કર્યા અથવા બાળી નાખ્યા. આમ દુર્ગુણો કાઢી માનવને માનવ બનાવવાનું કામ રામ કરે છે. સીતાને મુક્ત કરી રામે ધર્મની, સત્યની ધજા ફરકાવી હતી. સૃષ્ટિને ઉત્પન્ન કરી પાલન કરનાર રામ અથવા વિષ્ણુ રાવણ જેવા માણસનો નાશ નથી કરતા પણ તેનામાં રહેલા ખરાબ વિકારોને દૂર કરવાનું કામ કરે છે. એમ બતાવવામાં આવે છે. સમાજમાં બીજાને દુઃખ આપવું તે અધર્મ કૃત્ય છે.

**દશ વિકારોઃ** માનવ શરીરમાં નાના મોટા દશ વિકારો છે. કામ, ક્રોધ, લાભ, મોહ, અહંકાર આ પાંચ મોટા વિકારો છે. જ્યારે બીજા પાંચ ઈર્ષા, છલ, દ્રેષ , કપટ, હઠ યા આળસ જેવા વિકારો છે. માનવનાં મનમાંથી આ વિકારો દૂર કરવા ખૂબજ અઘરા છે. બધા વિકારો એક સાથે દૂર થઈ શકે તે માટે રામ રાવણને નાભિમાં તીર મારે છે. એ પ્રસંગની વાત યાદ કરાવે છે. એનો અર્થ એવો છે કે એક મૂળ વાતની સમજ જો મનમાં આવે તો બધા વિકારો એક સાથે દૂર થઈ શકે. પ્રથમ નું કોણ છે તે જાણ. સાચા જ્ઞાનથી વિકારોમાંથી મુક્તિ મળી શકે છે.

શિવજીએ ઔરંગઝેબને હરાવવા આજ દિવસે પ્રયાણ કર્યું હતું. મોટા ભાગના હિંદુ રાજાઓ પણ જ્યારે કોઈ લડાઈ કરવાની હોય તો આજ દિવસે વિજય પ્રસ્થાન કરતા હતા. પાંડવો ગુપ્તવાસમાં રહ્યા હતા ત્યારે તેમને પાતાના હથિયારો શમીનાં વૃક્ષમાં સંતાડ્યા હતા. તેમણે દશેરાના દિવસે શમીના વૃક્ષનું પૂજન કરીને હથિયાર પાછા લીધા હતા. આવી અનેક પૌરાણિક કથાઓની યાદ કરાવતો આ ઉત્સવ આંતરિક તેમજ બાહ્ય વિજયનો આનંદ મનાવવાનો દિવસ છે. આ દિવસે શાસ્ત્રપૂજા અને વાહનની પૂજા કરવામાં આવે છે. અંતમાં આપણને પણ આપણામાં રહેલા વિકારો શોધી તેના પર વિજય મેળવવાનું બળ પ્રાપ્ત કરી વિજય મેળવવાના પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત કરીએ તેવી આશા રાખીએ. આપ સૌને વિજ્યા દશમીની શુભકામના.



# સિંગાપુર

સિંગાપુર ના પ્રમુખ બંદર અને વ્યાપારિક કેન્દ્રોમાં એક છે. આ દક્ષિણ એશિયામાં મલેશિયા તથા ઈન્ડોનેશિયા ની વચ્ચે સ્થિત છે.

સિંગાપુર એટલે કે સિંહોનું પુર એટલે કે આને સિંહોનું શહેર કહે છે. અહીં ઘણાં ધર્મોમાં વિશ્વાસ રાખવાવાળા, વિભિન્ન દેશોની સંસ્કૃતિ, ઈતિહાસ તથા ભાષાના લોકો એક બની રહે છે. મુખ્ય રૂપે અહીયા ચીની તથા અંગ્રેજી બને ભાષાઓ પ્રચલિત છે. આકારમાં મુંબઈથી થોડા નાના આ દેશમાં વસવા વાળી લગભગ ૩૫ લાખની વસતિમાં ચીની, મલય તથા ૮ ટકા લોકો રહે છે.

**આધુનિક સિંગાપુર**

દક્ષિણ-પૂર્વ એશિયામાં, નિકોબાર દીપ સમૂહથી લગભગ ૧૫૦૦ કિ.મી. દૂર એક નાનો સુંદર અને વિકસિત દેશ સિંગાપુર પાછલા વીસ વર્ષોથી પર્યટન અને વ્યાપારના એક પ્રમુખ કેન્દ્રના રૂપમાં ઉભરી આવ્યો છે. આધુનિક સિંગાપુરની સ્થાપના સન્ ૧૮૧૯ માં સર સ્ટેમફોરર્ડ રેફલ્સએ કરી જેમને ઈસ્ટ ઈંડિયા કંપનીના અધિકારીના રૂપમાં દિલ્લી સ્થિત તત્કાલીન વાયસરાય દ્વારા કંપની નો વ્યાપાર વધારવા હેતુ સિંગાપુર મોકલાવ્યા હતા. આજે પણ સિંગાપુર ડોલર અને સેંટ ના સિક્કા પર આધુનિક નામ સિંગાપુર અને જુનુ નામ સિંગાપુરા અંકિત રહે છે. સન્ ૧૯૬૫માં મલેશિયાથી અલગ થઈ નવા સિંગાપુર રાષ્ટ્ર નો ઉદય થયો. કિંવદંતી છે કે ચૌદમી શતાબ્દીમાં સુમાત્રા દીપના એક હિંદુ રાજકુમાર જ્યારે શિકાર હેતુ સિંગાપુર દીપ પર ગયા તો ત્યાં જંગલમાં સિંહોને જોઈ તેણે ઉક્ત દીપનું નામકરણ અર્થાત સિંહોનો દીપ કરી દીધુ.

**અર્થવ્યવસ્થા**

અર્થશાસ્ત્રીઓ એ સિંગાપુરને આધુનિક ચમત્કાર તરીકેની ઉપમા આપી છે. અહીના બધા જ પ્રાકૃતિક સંસાધન અહીંયા ના નિવાસી જ છે. અહીં પાણી મલેશિયાથી દૂધ, ફળ તેમજ શાકભાજી ન્યુઝીલેન્ડ તથા ઓસ્ટ્રેલિયાથી દાળ, ચોખા તેમજ અન્ય રોજિંદા ઉપયોગની વસ્તુઓ થાઈલેન્ડ, ઈંડોનેશિયા વગેરે દેશોમાંથી આયાત કરવામાં આવે છે.

**પર્યટન**

સિંગાપુરના પ્રમુખ દર્શનીય સ્થળોમાં અહીયાના ત્રણ સંગ્રહાલય, જરોંગ બર્ડ પાર્ક, રેપ્ટાઈલ પાર્ક, ઝૂલોજિકલ ગાર્ડન, સાયંસ સેંટર સેંટોસા દીપ, હિન્દુ, ચીની તથા બૌદ્ધ મંદિર તથા ચીની અને જાપાની બાગ જોવા લાયક છે. સિંગાપુર મ્યુઝિયમમાં સિંગાપુરની આઝાદી ની વાર્તા આકર્ષણ થ્રી-ડી વીડિયો શો દ્વારા બતાડવામાં આવે છે. આ આઝાદીની લડાઈમાં ભારતીયો નું પણ મહત્વપૂર્ણ યોગદાન હતું


કલ્ચર મ્યુઝિયમમાં વિભિન્ન જાતિઓ ના તહેવારોને પ્રદર્શિત કરાયા છે. જેમાં દશેરા, દિવાળી તથા તેમનું મહત્વ બતાવાયુ છે. ૬૦૦ પ્રજાતિઓ અને ૮૦૦૦ થી વધુ પક્ષીઓ ના સંગ્રહ સાથે જુરોંગ બર્ડ પાર્ક એશિયા-પ્રશાંત ક્ષેત્ર નો સૌથી મોટું પક્ષી પાર્ક છે. દક્ષિણી ધ્રુવનું કૃત્રિમ વાતાવરણ બનાવી અહીંયા પેગ્વિન પક્ષી રખાયા છે. ૩૦ મીટર ઉંચા માનવ નિર્મિત જલપાપ્ય અને ઓલ સ્ટાર બર્ડ શો જેમાં પક્ષી ટેલીફોન પર વાત કરે છે, જે અન્ય પ્રમુખ આકર્ષણ છે.

રેપ્ટાઈલ પાર્કમાં ૧૦ ફુટ લાંબા જીવતા મગરમચ્છના મોંમા પ્રશિક્ષક દ્વારા પોતાનું મોં નાખવાના અને કોબરા સાપનું ચુંબન લેવા જેવા રોમાંચકારી કર્તબ છે. ઝૂલોજિકલ ગાર્ડનમાં એનિમલ ફીડિંગ શો સી લાયન ડાંસ શો આદિ દર્શકો ના મન મોહી લે છે.










વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# બાળ કેળવણી

જેમ્સ એન્જલ ચિંતકના મતે રોટલો કેમ રળવો તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેનું જ્ઞાન આપે તે જ ખરી કેળવણી. ભાળકને ત્રણ પ્રકારની કેળવણી આપવી જરૂરી છે.

(૧) અસ્તિત્વનું શિક્ષણ (૨) વ્યક્તિત્વનું શિક્ષણ (૩) સમષ્ટિ (ગ્લોબલ) નું શિક્ષણ

જૈનેન્દ્રકુમારના મતે વ્યક્તિત્વના ઘડતર માટે અસ્તિત્વનો સંગ્રહ નહીં પણ ઉત્કર્ષ કરવો જોઈએ.

બાળક માટી છે એને કોઈ કુંભાર ઘડો બનાવે એ રીતે કેળવો. કુંભાર ઘડાને ઘડવા ટપલા મારે ત્યારે બીજા હાથથી ઘડાની અંદર આધાર આપતો હોય. સ્નેહ એ આધાર છે. બાળકોને આપણો સ્નેહ, પ્રેમ આપો. સ્નેહ પ્રેમ એ બાળકોનો અધિકાર છે. પણ બાળકોને આપણા વિચારો ના આપો. બાળક એ કોઈ વાસણ નથી કે જેમાં જે તે વસ્તુ ભરી શકાય. બાળક તો જ્યોતિ છે, જેને પ્રગટાવવાની છે. બાળ કેળવણી એ મૂર્તિ ઘડવાની પ્રક્રિયા છે. જેમ પથ્થરમાં મૂર્તિ છૂપાયેલી હોય છે તેમ બાળકમાં પણ એક વિશેષતા છૂપાયેલી હોય છે. એ વિશેષતા માતા-પિતા તથા શિક્ષકે શોધવાની છે.

**ખલીલ જિબ્રાન:** બાળકોને તમારો પ્રેમ આપો, તમારી કલ્પનાઓ નહીં, બાળકોના દેહને ઘર આપો, તેમના આત્માને નહીં. બાળકો રૂપી સજીવ બાણો છોડવાના આપણે ધનુષ્યો છીએ.

બાળકોને ઉચ્ચ જીવનની કેળવણી આપો. એ માટે પ્રામાણિકતા, ઈમાનદારી, વફાદારી, કર્તવ્યપાલન વગેરે ગુણો બાળકમાં કેળવો. બાળકનો જન્મ થતાં જ બાળક એક જીંદગીનું માલિક બની જાય છે. પણ બાળકને જીંદગીના મૂલ્યની જાણ હોતી નથી. બાળકને જીવન અને જીવનના મૂલ્ય વિશે જ્ઞાન આપો. જે બાળક જીવનનું મૂલ્ય નહીં સમજે તો તે જીવનને વેડફી દેશે. જીવનને બાગ બનાવવાને બદલે ઉકરડો બનાવી દેશે.

**વિનોબા ભાવે :** "જીવન એટલે સંસ્કાર સંચય"

બાળકનું હૃદય-મન કોમળ હોય છે. તેની કોમળતાને પોષક એવા સત્વો જો એના હૃદય-મનમાં પ્રગટાવવા જોઈએ. બાળકના અંદર ક્યુ બીજ રોપવું એ માતા-પિતાએ નક્કી કરવાનું છે. બાળકએ એવી જમીન છે, જેમાં પાક લહેરાવાની ૧૦૦% શક્યતા છે. બાળકને નાનપણથી જ સ્વપ્ન જોતાં, કંઈક બનવાની , કંઈક કરવાની ઉંડી ઈચ્છા, ઉત્કટ ઝંખના શીખવવામાં આવે તો પરિણામ અત્યંત આશાસ્પદ રહે છે.

બાળકને વાણીની કેળવણી આપો. બાળકની જીભ કેળવણી પામે તે બહુ જરૂરી છે. નિંદાના શબ્દો, ઈર્ષાની વાણી, નફરતની અભિવ્યક્તિથી બાળક દૂર રહેશે તો જ સમાજમાં શાંતિ પ્રસરશે. ક્યારે શુ બોલવું ?ક્યારે શુ ના બોલવું ?એ બધુ શીખવો. વાણીથી જ પ્રેમ, શાંતિ, સહાનુભૂતિ, સહકાર વગેરે રજૂ કરી સુખ મેળવી શકાય છે. અને સુખ આપી શકાય છે.

બાળકને સંકલ્પની કેળવણી આપો. સંકલ્પશક્તિ વધે તેવું વાતાવરણ પુરૂ પાડો. સંકલ્પ લેતા શીખવો એ સંકલ્પને પૂરો કરવા માટે કેવી રીતે ટકી રહેવું એ શીખવો. ઉદાહરણ ગુરૂપૂર્ણિમાને દિવસે અમારી શાળામાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને સંકલ્પ લેવડાવીએ છીએ, અને સંકલ્પ પૂર્ણ કરવા કટીબધ્ધ બનાવી એ છીએ.

બાળકમા ધીરજનો ગુણ વિકસાવો. બાળકને રાહ જોતા શીખવો. ઓશોઃ - જેટલુ ધૈર્યનું પ્રમાણ વધારે એટલી જ સફળતાની શકયતા વધારે. બાળકને સમયની કિંમત સમજાવો. બાળક બને તેટલું સમયસર કામ કરે એવી આદત કેળવો. બાળકને સ્વમાન શીખવો, સ્વાભિમાન શીખવો, આત્મશ્રધ્ધા કેળવવા માટે કપટ, ચોરી, ઈર્ષા જેવા દૂષણોથી બચાવો. બાળકને ચારિત્ર્યની કેળવણી આપો. મન, વચન અને કર્મની સત્યતા શીખવો.

**જોન હરશલ:** "સ્વમાન અને ચારિત્ર્ય બધા જ ગુણો નો પાયો છે."

**રામ કૃષ્ણ પરમહંસ:** "ફૂલો ખીલવા દો, મધમાખીઓ પોતાની મેળે જ આવી જશે. ચારિત્ર્યવાન અને સ્વમાની બનો, જગત પોતાની જાતે જ મુગ્ધ બની જશે.

બાળકને વહેંચીને ખાવાનું શિક્ષણ આપો. બાળકને સમાજમાં રહેવાનું છે તેથી તેને સંકુચિત ના બનાવશો. બીજાઓ સાથે ભળતા શીખે એ જરૂરી છે. બીજાને આપવાનું શીખે તે પણ જરૂરી છે. બાળકને પરમાર્થ શીખવો, પારકાનું કલ્યાણ કરે તેવું શીખવો, સમાજની દિશા અને દશા બંન્ને સુધારે તેવી કેળવણી આપો, એકબીજાની ખામીઓને સ્વીકારી, એકબીજાની મદદથી આગળ વધે એવું શિક્ષણ જ ઉમદા ભવિષ્યનું નિર્માણ કરશે.

ડો. રાધાકૃષ્ણના મતે, માનવનું દાનવ થવું એ એની હાર છે, માનવ બનવું એ એની જીત છે. માનવનું મહામાનવ બનવું એ તો ચમત્કાર જ છે. "હું માનવી મહામાનવ થાઉં તો ઘણું"

બાળકને માનવતાનાં ધોરણો શીખવજો, તેના વગર માનવજીવન નકામું છે. જમાના પ્રમાણે ઘડતર કરો પણ માનવીય અભિગમ અને સંસ્કાર શિક્ષણ જરૂરી છે. દયાનંદ સરસ્વતીના શબ્દોમાં કોઈપણ વ્યક્તિને કે વસ્તુને ઉત્તમ સ્થિતિમાં લાવવા બાળકને રસ્તો બતાવવો જરૂરી છે. પણ મંઝીલે તો એની જાતે જ પહોંચવા દો. બાળકની આંગળી પકડીને ચલાવવાની જરૂર નથી. ફક્ત જીંદગીના માર્ગ પર સાચી રીતે ચાલવા દો.



**હેનરી ફોર્ડ:** આપણો દ્રષ્ટિકોણ જ આપણને સફળ કે નિષ્ફળ બનાવે છે. બાળકને દ્રષ્ટિનું શિક્ષણ આપો. જીવનમાં યોગ્ય દ્રષ્ટિ નહીં મેળવો તો એની સમસ્યાઓમાં અને મૂંઝવણોમા ફસાયેલો રહેશે. જીવનમાં એકબીજાની સરખામણી કરતો રહેશે અને માનવજાતની અસલ જીંદગી મેળવી શકશે નહીં. માણસ એકબીજાથી તદ્દન અલગ છે. એકબીજાની આવડતો, કાર્યો, વિચારધારા બધું જ અલગ છે એવી કેળવણી આપો. આવુ નહીં થાય તો તે સતત સરખામણી કરશે અને દુઃખી રહેશે. દા.ત. ગુલાબ પોતાની રીતે સુંદર છે, ચંદ્ર પોતાની રીતે સુંદર છે. જો તેઓ બંને સરખામણી કરશે તો ચોક્કસ દુઃખ જ ઉત્પન્ન થશે.

બાળકને કામ કરવાની કેળવણી આપો. કોઈપણ કામ શાંતિપૂર્વક અને સ્વસ્થતાથી કરે એવું કેળવો. બાળકોની ચેતના જીવંત હોય છે. જો એનું સંવર્ધન કરવામાં ન આવે તો તેમાં આળસ, લાપરવાહી જેવા દોષો પ્રવેશી જાય છે, અને આઈન્સ્ટાઈના મતે "આળસુ વ્યક્તિની કોઈ ઈચ્છા ક્યારેય પૂર્ણ થતી નથી." તેથી જ બાળકોને "વ્યસ્ત રહો, મસ્ત રહો, સ્વસ્થ રહો, સત્કર્મ કરો, હકારાત્મક દ્રષ્ટિકોણથી ખૂશ રહો અને બીજાને ખૂશ રાખો." એવી રીતે કેળવો.

બાળકને સહયોગ અને દરેક વ્યક્તિ પ્રત્યે સમભાવ કેળવે તેવું શિક્ષણ આપો. બાળકને બધાની સાથે રહીને જીવન જીવવાની, અહમ્ ને દૂર કરવાની તાલીમ આપો. જાતિવાદ એ સમાજનું ભયંકર દૂષણ છે એ દૂષણ બાળકોમાં ન આવે તેનું ધ્યાન રાખો.

ડો. રાધાકૃષ્ણના મતે "પારસ્પરિક સહયોગ, સમભાવ, શાંતિથી જ સમાજનું સુયોગ્ય્ નિર્માણ થશે."

બાળકને ઘરમાં કામ કરવાની કેળવણી આપો. જે વ્યક્તિ ઘરમાં કામ કરે છે તેના પ્રત્યે સન્માનની ભાવના રાખે તેવું શિક્ષણ આપો. બાળકને બહારના કામ સોંપી બહારના વ્યવહારની, લોકો સાથે સંવાદની, લેવડ-દેવડના હિસાબની સમજણ આપો.

જીવન આખરે સંઘર્ષનું બીજુ નામ છે. તેથી જ બાળકને સંઘર્ષની કેળવણી આપો. સંઘર્ષ દરમ્યાન ધીરજ અને સહનશક્તિની કેળવણી આપો. બાળક ડરી જઈ હિંમત હારી બેસે નહીં તે માટે બાળકને સજ્જ કરો. "સંઘર્ષ એ મહેનત નો ઉત્તમ પ્રકાર છે જેનાથી કાર્યની ગુણવત્તામાં વધારો થાય છે." બાળકને મહેનત, પુરૂષાર્થની કેળવણી આપો. અધિકાર અને ફરજની કેળવણી આપો. બાળકને કોઈપણ સમસ્યા કે મુશ્કેલીમાં ગુસ્સો કર્યા વગર સમાધાન (ઉકેલ) શોધે તેવી કેળવણી આપો. બાળકને આપણી અપેક્ષા પ્રમાણે નહીં, પણ બાળકને શેની જરૂરીયાત છે તે પ્રમાણે તેનું ઘડતર કરો. બાળકની ક્ષમતા તથા રૂચિ પ્રમાણે મા-બાપ, વાલી તથા શિક્ષક કેળવે તે જરૂરી છે. બાળકોની ઈચ્છાઓ, જરૂરીયાતો ઓળખો અને તેમને બે વચ્ચેનો ભેદ શીખવો. બાળકની રૂચિ એ પ્રમાણે કેળવો કે તેને સાદો, તંદુરસ્ત ખોરાક ગમે. આમ બાળકની સંપૂર્ણ દેખભાળ રાખતાં ભવિષ્યમાં સારો નાગરિક બનશે.

**ડો.શ્રીકાંત સોલંકી**
**દાહોદ**



# આનંદનો અતિરેક ઘટાડીએ

ઉર્મિલ આજે સવારથી જ ખૂબ ખૂશ હતો. પપ્પાએ આપેલ કામ ખૂબ રસ પૂર્વક કરતો હતો. આમ અચાનક સવારથી તલ્લીન બની ઉર્મિલ કેમ કામ કરી રહ્યો છે તેનું મોટીબેન ઉર્વશીને આશ્ચર્ય થયું. તેણે મમ્મીને પૂછી કાઢ્યું મમ્મી, આજે ભાઈ ઉર્મિલ સવારથી જ તન્મય બની ખૂશી-ખૂશી પોતાનું સ્કૂલનું કામ કરી રહ્યો છે. શું વાત છે.? કોઈ દિવસ નહિ અને આજે જ આમ પોતાનું કામ એક ચિત્તે કરી રહ્યો છે ને! જરૂર આજે કોઈ ખાસ વાત છે. તને ખબર નથી. તારા પપ્પાએ દિવાળીના તહેવારમાં ફટાકડા લાવવાની વાત કરી છે ઉર્મિલ કામ કરશે તો જ ફટાકડા લાવી આપવામાં આવશે. અને તે આજે ફટાકડા લેવા માટે આજે પોતાનું કામ કરવા બેસી ગયો છે.

હં, એમ વાત છે ! દિવાળી આવી ફટાકડા લાવવાની વાત સૌની સામે મુકવામાં આવી. ક્યા-ક્યા ફટાકડા લાવવા તેની યાદી તૈયાર થવા માંડી મોટીબેને એક શરત મૂકી. પપ્પા ફટાકડા તો તમે ઉર્મિલને લાવી આપશો પણ... પણ શું ? ભાઈને બધા ફટાકડાના નામ આવડે છે ખરા ! તે આપણને ફટાકડાના નામ લખીને આપે અને સાથે-સાથે એ ફટાકડા ફૂટ્યા પછી શું ? એનો કેટલો સદ્ઉપયોગ થયો અને એ કરતાય આપણને નૂકશાન શું થવાનું છે. એની એને ખબર છે ખરી ?

ફટાકડાની યાદી ઉત્સાહ સાથે ઝડપથી બનાવી દેવામાં આવી તારામંડળ, ટેટા, ફુલઝરી, લાલ-પીળાં બપોરિયા, કોઠી વગેરે.....

ઉર્મિલને ફટાકડા લાવી આપવામાં આવ્યા. ઉર્મિલ તો ખૂબ ઉત્સાહમાં હતો. દોસ્તોને બોલાવ્યા. ને તે રાતે દોસ્તોની સાથે ઉર્મિલ ફટાકડા ફોડવા લાગ્યો. પરંતુ..... ફટાકડા કેવી રીતે ફોડવા તેના માર્ગદર્શનના અભાવે એક કમનસીબ પળમાં ફટાકડાનું તણખલુ સીધું ઉર્મિલની આંખમાં પડ્યું. આંખને નુકશાન થયું. તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. પણ આંખની કીકીને નુકશાન પહોંચ્યુ હોવાથી ડોકટરના કહેવા મુજબ ઉર્મિલને આંખોથી દેખાતુ સદંતર બંધ થઈ ગયુ. ઉર્મિલના ઉત્સાહ પર પાણી ફેરવાય ગયું.

પ્રત્યેક માતા-પિતા એ બાળકને કોઈપણ નુકશાન પહોંચાડે તેવી ચીજ અપાવતા પૂર્વે જરૂર વિચાર કરવો જોઈએ. બાળકને આપવામાં આવતી વસ્તુઓ માટે શું પરિણામ આવશે. તેનો વપરાશ કઈ રીતે કરવો વગેરે પર ધ્યાનથી ધીરજપૂર્વક સમજ આપ્યા પછી જ પરિવારના સભ્યોએ સાથે રહીને જોખમયુક્ત કામ કાળજીથી કરવું, કરાવવું જરૂરી બને છે.



**કુમુદલત્તા ભટ્ટ, ચેરપર્સન,**
**ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ**

# જન્મદિવસની અનોખી ભેટ

પોતાનો જન્મ દિવસ નજીકના દિવસોમાં હોય ત્યારે દરેક બાળક ઉત્સાહિત હોય છે. સરપ્રાઈઝ મળે તો ખુશી કોને ન થાય.. કંઈક આવી ખુશી ખુશી નામની બાર વર્ષની બાળકીના મનમાં હતી. કારણ કે તેનો જન્મ દિવસ નજીકના દિવસોમાં હતો.

ખુશીના ઘરે કામ કરતાં બહેનની દિકરી ખુશી જેટલી જ ઉંમરની હતી. તેનું નામ હતું ચિન્મયી.

ખુશીના ઘરે તેના જન્મ દિવસની તૈયારીઓ અને તેને આપવાની ભેટની વાતો ચાલી રહી હતી એ જોઈને ચિન્મયીને પણ ખુશીને સુંદર ભેટ આપી પોતાની બહેનપણી બનાવવાનું મન થયુ. પણ તેની પાસે મોંઘી ભેટ ખરીદવા પૂરતા રૂપિયા નહોતા માટે તેણે પોતાની જાતે ખુશી માટે એક કવિતા બનાવી એક કાગળ પર લખી અને તેના જન્મ દિવસના દિવસે મમ્મી સાથે ખુશીના ઘરે પહોંચી ગઈ. પણ ત્યાં તો શાનદાર પાર્ટી ચાલી રહી હતી. આ શાનદાર પાર્ટીનુ આયોજન ખુશીના બિઝનેશમેન પપ્પાએ કર્યું હતું. ખુશીના ઘરનો હોલ ફુગ્ગાઓ અને રિબિનથી શણગારેલો હતો. ધીમુ-ધીમુ મ્યુઝીક વાગી રહ્યુ હતું આકાશમાંથી ઉતરી આવેલી હોય તેવી એક પરી બધાથી અલગ તરી આવતી હતી અને એ હતી બર્થડે ગર્લ ખુશી.

ચારેબાજુ બધા રંગબેરંગી કપડાઓમાં શોભી રહ્યા હતાં. જાણે પતંગિયાઓનો મેળો જામ્યો હોય એવું લાગતુ હતું. પણ ત્યાં ચિન્મયી તો સાદા કપડાંમાં જ હતી તેથી તેના તરફ કોઈનુ ધ્યાન નહોતું. જેવી ચિન્મયી ખુશીને ભેટ દેવા જાય ત્યાં કેક સેલિબ્રેશન શરૂ થયું અને એ પુરૂ થાય એ પહેલા ચિન્મયીને તેના મમ્મી સાથે વાસણ ઘસવા જવું પડ્યું અને એમા તેનો કાગળ સાબુવાળા પાણીમાં પલળી ગયો. હજુ તો પાર્ટી પૂરી થવાને અને તેને મમ્મી સાથે ઘરે જવાને વાર હતી. માટે તેણે કાગળ સુકવવાનો પ્રયત્ન કર્યો થાડીવાર રહીને કાગળ સુકાઇ તો ગયો પણ પહેલા જેવો સરસ રહ્યો નહિં. ગડી પડેલો ગંદો થઇ ગયો. તેમજ હિંમત કરીને ચિન્મયી ખુશી પાસે ગઇ. પોતાની ઓળખાણ કાઢી બર્થડે વિશ કર્યું અને પોતાની કાગળરૂપી ભેટ આપી. ખુશીને આ બધુ અજીબ લાગ્યું અને તે ચિન્મયીની ભાવનાઓને સમજી શકી નહી. માટે તેણે ચિન્મયીને એ કાગળ કોઠારરૂમમાં પડેલા પોતાના જૂના ફાટી ગયેલા ધૂળથી ભરેલા દયનીય અવસ્થામાં પડેલી બેગમાં નાખી દેવા કહ્યું. ચિન્મયીને ખુબ દુઃખ થયું. પણ ખુશીએ કહેલુ કામ તેણે કર્યું કારણકે તે તેની ફરજ હતી. બસ પછી ચિન્મયી ત્યાંથી ગઇ તે ગઇ કોઈ દિવસ પાછી આવી નહિં. પછી તો તેના પપ્પાની પણ નોકરીમાં અન્ય શહેરમાં બદલી થતાં ત્યાં રહેવા જવું પડ્યું હતું. આમ હાલના તબક્કે ચિન્મયી અને ખુશીની દોસ્તી શરૂ થતાં પહેલા જ તેનો અંત આવ્યો.

ચારેક વર્ષ બાદ ખુશીના પપ્પાને તેના બિઝનેશમાં મોટો લોસ જતાં તેઓને નાના ઘરમાં રહેવાની ફરજ પડી અને ખુશીના મોજ-શોખનો પણ અંત આવ્યો. પૈસાની બચત કરતા પણ તે શીખી ગઇ. એવામાં તેના બેસ્ટ ફ્રેન્ડ પીકુ તેને થયેલા કોઇ રોગના કારણે તેના પગનું ઓપરેશન કરવું જરૂરી હતું અને આ માટે પંદર હજાર રૂપિયાની જરૂર હતી ખુશીના મમ્મી પપ્પા આ વખતે તેને મદદ કરી શકે તેમ નહોતાં.

કહેવાય છે કે ભગવાન એક દરવાજો બંધ કરે તો અનેક દરવાજા ખોલે છે.



આવો જ એક ભગવાનના આશિર્વાદરૂપ દરવાજો ખુશીના જીવનમાં ખુલ્યો તેમના જિલ્લામાં એક કાવ્ય પઠન સ્પર્ધા યોજાવાની હતી. જેમાં પ્રથમ વિજેતાને પંદર હજાર રૂપિયાનું ઈનામ હતું અને આ ઈનામ જીતવું ખુશી માટે ખુબ જરૂરી હતું. માટે ખુશીએ સખત મહેનત કરી એક સુંદર કવિતા તૈયાર કરી જુદાં-જુદાં પરિચિત લોકો પાસેથી કવિતા યોગ્ય છટાંમાં વાંચતા શીખી. અક્ષરોનું અને શબ્દોનું જ્ઞાન પણ મેળવ્યું. ટૂંકમાં, હવે ખુશી કોઈપણ પરિસ્થિતિમાં જીતી શકે તેવી જોરદાર તૈયારીમાં હતી.

સ્પર્ધાનો દિવસ આવ્યો. ખુશી પોતાનું જુનુ બેગ લઈને સ્પર્ધા સ્થળે પહોંચી ગઈ. સ્પર્ધા શરૂ થઈ. જેમ જેમ એક પછી એક સ્પર્ધકો પોતાની કૃતિ રજૂ કરતા ગયા તેમ તેમ ખુશીની ગભરાહટ વધતી ગઈ. એવામાં જ્યારે તેનો વારો નજીકની ક્ષણોમાં હતો ત્યારે તેને ખબર પડી કે બદનસીબે તેની કવિતા લખેલો કાગળ બેગમાં એક ફાટેલી જગ્યાએથી રસ્તામાં જ પડી ગયો છે અને મોઢે બોલવામાં તેને અમુક શબ્દો ભૂલાઈ જતા હતા. તેથી હાંફળી-ફાંફળી થઇ તેણે બેગ આખું ખંખેશી માર્યું તો તેને કોઈક જગ્યાએથી ફાટી ગયેલો એક કાગળ મળ્યો. તેણે ફટાફટ કવિતા વાંચી. કંઈ યાદ ન આવ્યું પણ કોઈ જ રસ્તો ન દેખાતા તેને આ કવિતા રજૂ કરવાનું નક્કી કર્યું કારણકે તેને કોઇ પણ પરિસ્થિતિમાં જીતવાનું હતું. જેવું તેણે સ્ટેજ પર કવિતા વાંચવાનું શરૂ કર્યું એટલે તેને બધુ યાદ આવી ગયુ અને પોતાની ભૂલ સમજાઇ ગઇ. આથી આખી કવિતા તેણે ભાવપૂર્વક, હૃદયપૂર્વક અને દરેક શબ્દની લાગણી સાથે વાંચી અને છેલ્લો શબ્દ બોલતાની સાથે જ તે રડી પડી. આ શબ્દ હતો દોસ્તી, નિર્ણાયકોને ખુશીની કૃતિ ખૂબ પસંદ પડી અને ખુશી પ્રથમ ઈનામ જીતી ગઈ. પીકુનું ઓપરેશન પણ સુખરૂપ થઈ ગયું. સ્પર્ધાના દિવસથી જ ખુશીની ચિન્મયીને મળવાની ઈચ્છા હતી. પણ પહેલા પીકુનું ઓપરેશન કરવું જરૂરી હતું. ઓપરેશન પછી ખુશીએ ગમે તેમ કરીને ચિન્મયીના ઘરનુ એડ્રેસ શોધ્યું ને પીકુને લઈને ચિન્મયીને મળવા પહોંચી ગઈ. શરૂઆતમાં તો ચિન્મયી ખુશીને ઓળખી શકી નહીં. પણ પછી ખુશીએ ચિન્મયીનો આભાર માની માફી માગી વિસ્તારથી વાત કરી. અને છેલ્લે કહ્યું ખરેખર એ વખતે મને અહેસાસ થયો નહિં પણ સૌથી મોટી ભેટ તે મને આપી, પીકુના જીવ કરતાં મોટી ભેટ મારા માટે કોઈપણ હોઈ શકે નહિં. હા...એક ભેટ તેની જેટલી જ કિંમત છે. ચિન્મયી, કઈ.. ખુશી, આપણી ફ્રેન્ડશીપ આ બે શબ્દો સાથે જ બંને ભેટી પડ્યા અને કાયમ માટે બેસ્ટ ફ્રેન્ડસ બની ગયા. દોસ્તો સાચી ફ્રેન્ડશીપનો કોઈ દિવસ અંત આવતો નથી. હા, પણ વાર્તાનો અંત આવી ગયો છે. માટે અંતમાં ખાલી એટલું જ કહીશ કે ભેટ નાની હોય કે મોટી એની કિંમત જુઓ નહિં, સમજો.





**શિવાની જોશી**
**એજ્યુકેટર**

# વૈદિક ગણિત

**એકમના અંકોનો સરવાળો ૧૦ થાય તથા દશકના અંકો સમાન હોય તેવી સંખ્યાઓનો ગુણાકાર**

આ પ્રકારના ગુણાકારમાં ફરી ફક્ત બે પ્રક્રિયા જ કરવાની છે.

(૧) એકમના અંકોનો ગુણાકાર કરો.

(૨) દશકનો અંક (એકમ સિવાયના બધા અંક) ને તેના પછી આવતી ક્રમિક સંખ્યા વડે ગુણો.

(૩) આ બંન્ને પરિણામને પાસ પાસે લખો. (અહી વદીનો ખ્યાલ કરવો.) આ બાબતને નીચેના ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કરીએ.



**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી, રાજકોટ**

**ઉદાહરણ : ૧**

53 × 57 → (3x7 = 21) → /21 → (5x6 = 30) → 30/21

આમ ૫૩ X ૫૭ = ૩૦૨૧ થાય

**ઉદાહરણ : ૨**

64 × 66 → (4x6 = 24) → /24 → (6x7 = 42) → 42/24

આમ ૬૪ X ૬૬ = ૪૨૨૪ થાય

**ઉદાહરણ : ૩**

113 × 117 → (3x7 = 21) → /21 → (11x12 = 132) → 21

આમ ૧૧૩ X ૧૧૭ = ૧૩૨૨૧ થાય

**ઉદાહરણ : ૪**

242 × 248 → (2x8 = 16) → /16 → (24x25 = 600) → 600/16

આમ ૨૪૨ X ૨૪૮ = ૬૦૦૧૬ થાય

**ઉદાહરણ : ૫**

1294 × 1296 → (4x6 = 24) → /24 → (129x130 = 16770) → 16770/24

આમ ૧૨૯૪ X ૧૨૯૬ = ૧૬૭૭૦૨૪ થાય

**એવી બે અંકોની સંખ્યાઓના ગુણાકાર જેમા એકમના અંક સમાન હોય તથા દશક અંકોનો સરવાળો દશ થતો હોય.**

આ પ્રકારના ગુણાકારમાં ફક્ત બે ક્રિયાઓ કરવાની રહે છે.

(૧) એકમના અંકોનો ગુણાકાર કરો. (ડાબી બાજુ લખો)

(૨) દશકના અંકોનો ગુણાકાર કરો તેમાં એકમનો અંક ઉમેરો (જમણી બાજુ લખો)

**ઉદાહરણ : ૧**

42 × 62 → (2x2 = 04) → /04 → (4x6+2 = 26) → 26/04

આમ ૪૨ X ૬૨ = ૨૬૦૪ થાય

**ઉદાહરણ : ૨**

77 × 37 → (7x7 = 49) → /49 → (7x3+7 = 28) → 28/49

આમ ૭૭ X ૩૭ = ૨૮૪૯ થાય

**ત્રણ અંકોની સંખ્યાઓના ગુણાકાર માટે એકમ બાકીના અંકોનો સરવાળો ૧૦૦ થતો હોય ત્યારે ગુણાકાર આ માટે નીચેની પદ્ધતિ ઉપયોગમાં લઇ શકાય.**

(૧) એકમના અંકોનો ગુણાકાર કરો. (ડાબી બાજુ લખો)

(૨) બાકીના અંકોનો ગુણાકાર કરી તેમાં એકમના અંકને ૧૦ વડે ગુણી ઉમેરો (જમણી બાજુ લખો)

**ઉદાહરણ : ૧**

256 × 756 → (6x6 = 36) → /36 → (25x75 = 1935) → 1935/36

આમ ૨૫૬ X ૭૫૬ = ૧૯૩૫૩૬ થાય

વિચારી અહી ૨૫ X ૭૫=૧૦૦ છે.

**ઉદાહરણ : ૨**

463 × 543 → /09 → (46x54+30 = 2514) → 2514/09

આમ ૪૬૩ X ૫૪૩ = ૨૫૧૪૦૯ થાય

# ચિત્રકલા




**અલ્ફિયા અલી**
ધોરણ ૬, શ્રી લધરામ સ્કુલ



**સાવન પ્રજાપતિ**
ત્રિપદા ડે સ્કુલ, અમદાવાદ




**જીમિત ખત્રી**
ધોરણ ૫, ત્રિપદા હાઇસ્કૂલ, અમદાવાદ



**રિંકલ ઝાલા**
ધોરણ ૮, ત્રિપદા ગુરૂકુલમ, વિરમગામ

# બટનનું ફૂલ ક્રાફ્ટ



આ પ્રોજેક્ટમાં થોડી જ સામગ્રીની જરૂરિયાત છે. અને ખૂબ ઓછો સમય લાગે છે. અને બનાવવામાં આખી પ્રકિયા સમાપ્ત થાય છે ત્યારે ફૂલનું સુંદર દૃશ્ય બને છે.



**તમારે શું કરવાની જરૂર પડશે**

- લીલા કલરનો આર્ટ પેપર
- વાદળી કલરનો આર્ટ પેપર
- ગુંદર
- કાતર
- જુદા-જુદા આકાર અને કલરનાં બટનો
- લીલા કલરની સેલો ટેપ

**કેવી રીતે બનાવશો તમારૂ ફૂલ હસ્તકલા**

- પાતળી અને લંબચોરસ પટ્ટી ડકર ટેપથી કાપી લઇ, વાદળી પેપર પર ફૂલની દાંડી જેવું લાગે તેમ લગાવો.
- ઘાંસ જેવું લગાડવા માટે વાદળી કલરનું પેપર અડઘુ ઢંકાઇ જાય તેટલુ લીલું પેપર કાપી લો. તેની એક બાજુએ ઘણા બધા કટ કરો.
- વાદળી કાગળ નીચે દાંડીને આવરી લેવાય તે રીતે ગુંદર થી લગાવી લો.
- ગુંદરથી દરેક દાંડીની ટોચ પર એક મોટુ બટન લગાવો.
- મોટા બટનની આજુ-બાજુ નાના બટનો ચોંટાડો. આમાં જુદી-જુદી પેટર્ન કરવાની અને બટનોની ગણતરી કરવાની પ્રવૃતિ પણ કરી શકો છો.
- વાદળી કાગળની ટોચ પર સૂર્યના આકારની જેમ પીળા બટનો ચોંટાડો.

# યોગ-૪ સુપ્ત - વજ્રાસન

**સુપ્તનો અર્થ થાય છે. સુતેલો અર્થાત વજ્રાસનની સ્થિતિમાં ચિત્ત થયેલો. આ આસનમાં પીઠના બળે સુવું પડે છે. આથી આ આસનને સુપ્ત વજ્રાસન કહે છે.**

**વિધિઃ—**

- બંને પગને સામે ફેલાવીને બેસી જાય છે. બંને પગ ભેગા મળેલા, હાથ બગલમાં, કમર સીધી અને દ્રષ્ટિ સામે, હવે વજ્રાસનની સ્થિતિમાં બેસી જાય છે. વજ્રાસનમાં બેસ્યા પછી બંને પગમાં પાછળ એટલુ અંતર રાખે છે કે નિતંબ જમીનથી અડેલા રહે તથા ધીરે-ધીરે કોણીનો સહારો લઈને જમીન પર સૂઈ જાય છે.
- જમણા હાથને પાછળ લઈ જવામાં આવે છે. અને ડાબા ખભાની નીચે મૂકે છે. અને હાથને પાછળ લઈ જઈને જમણા ખભા નીચે મુકવામાં આવે છે. આ અવસ્થામાં બંને હાથોની પરિસ્થિતિ કાતર જેવી થઈ જાય છે. ત્યારબાદ આની વચ્ચે માથુ મૂકે છે.
- ફરી પહેલા જેવી અવસ્થામાં આવવા માટે હાથને જાંધની બગલમાં મુકવામાં આવે છે અને બંને કોણીની મદદથી ઉઠીને બેસી જાય છે.
- નિતંબ મળ્યા પછી જ જમીન પર આડા પડો. સૂતી વખતે જેટલી સહેલાઈથી સૂઈ શકો તેટલા સૂવો. શરૂઆતમાં ઘૂંટણ મળતા રાખવામાં કઠણ હોય તો જુદા-જુદા મૂકી શકો છો. ધીરે અભ્યાસ કરવાથી પગને મળતા રાખવાનો પ્રયત્ન કરો. જમીન પર સૂતી વખતે ઘૂંટણ ઉપર નહી ઉઠવા જોઈએ. તેને સંપૂર્ણ રીતે જમીન પર ટેકવી રાખો.



**લાભઃ**
આ આસન ઘૂંટણ, વક્ષસ્થળ અને મેરૂદંડના માટે લાભકારક છે. ઉપરોક્ત આસનથી ઉદરમાં ખેંચ થાય છે. જેને કારણે ઉદર સંબંધી નાડિયોમાં લોહી વહીને તેને સશક્ત બનાવે છે. આમાં ઉદર સંબંધી બધા પ્રકારના રોગોને ફાયદો થાય છે.

# બનાવો પોષ્ટિક ની સાથે ચટાકેદાર મિક્સ મસાલા સ્પ્રાઉટ (કઠોળ) સલાડ

**સામગ્રી**

- ૧ કપ મિક્સ કઠોળ (બાફેલા)
- ૧/૨ કપ છીણેલ નારિયેળ
- ૧/૨ કપ સમારેલ કોથમીર
- ૧/૨ કપ સ્લાઇસ કરેલ ગાજર
- ૧/૨ કપ સમારેલ ટામેટા
- ૧/૨ કપ સમારેલ ડુંગળી
- ૧/૨ ટેબલ સ્પૂન લીલા મરચાં
- ૧/૨ લીંબુનો રસ
- ૧/૨ ટેબલ સ્પૂન ચાટ મસાલો
- ૧/૨ ટેબલ સ્પૂન મરીનો ભૂકો
- સ્વાદાનુસાર મીઠું

**રીત**

- એક બાઉલમાં બાફેલા મિક્સ કઠોળ, છીણેલ નારિયેળ, સમારેલ કોથમીર, સ્લાઇસ કરેલ ગાજર, સમારેલ ટામેટાં, સમારેલ ડુંગળી, લીલા મરચાં, લીંબુનો રસ, ચાટ મસાલો, મરીનો ભૂકો અને મીઠું નાખીને ચમચી વડે હલાવવું. તો તૈયાર છે. ચટાકેદાર મિક્સ મસાલા સ્પ્રાઇટ સલાડ.





# જો જો પાછા હસતા નહી

## ડોક્ટર સાહેબ

**મનુઃ** ડોક્ટર સાહેબ, તમારી સારવારથી મને ઘણો ફાયદો થયો છે.
ડોક્ટર ગટુ, મને એ યાદ નથી આવતું કે મેં તમારી ક્યારે સારવાર કરી હતી.
**મનુઃ** તમે મારી નહીં, પરંતુ મારા કાકાની સારવાર કરી હતી. એ સ્વર્ગમાં સિધાવ્યા અને હું તેમનો એકમાત્ર વારસદાર હોવાથી તેમની બધીજ મિલકત મને મળી છે.

## મોર્નિંગ વોક

**નટુઃ** અમારો કૂતરો ટોમી એટલો સમજદાર છે કે સવારે ફેરિયો આવે કે તરત જ છાપુ ઉઠાવીને અમારી પાસે લાવે છે અને તે પછી જ મોર્નિંગ વોક માટે જાય છે.
**ગટુઃ** આ વાતની તો મને ખબર છે.
**નટુઃ** પરંતુ તને કેવી રીતે ખબર પડી?
**ગટુઃ** મારા કૂતરા બોબીએ મને બધી જ વાત કરી છે. ટોમી તેની સાથે જ મોર્નિંગ વોક માટે જાય છે.

## હિસાબમાં ભૂલ

**ગ્રાહક (દુકાનદારને):** તમે હિસાબમાં ભૂલ કરી છે, પાંચ રૂપિયા ઓછા આપ્યા છે, તમે ગ્રાહકોને છેતરતા શરમ નથી આવતી?
**દુકાનદારઃ** પણ આ પહેલા મે તમને ભૂલથી પાંચ રૂપિયા વધુ આપ્યા હતા ત્યારે તો તમે કંઇ ન બોલ્યા.
**ગ્રાહકઃ** મારો નિયમ છે કે દરેક માણસને સુધરવાની એક તક જરૂર આપવી જોઇએ.

## સાસરીવાળા

**મેનેજરઃ** મહેતાજી, પહેલા તો તમે ઓફિસે મોડા આવતા અને વહેલા જતા રહેતા. હમણાં-હમણાં વહેલા આવો છો અને મોડા જાઓ છો. શું કારણ?
**મહેતાજીઃ** સાહેબ, હમણાં મારાં સાસરીવાળા આવ્યા છે?

# દે દી હમે આઝાદી બિના ખડ્ગ બિના ઢાલ સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ



ગોહેલ બંસી બી.
ધોરણ : ૧૦

**પુરૂં નામઃ** મોહનદાસ કરમચંદ ગાંધી
**જન્મઃ** ૨ ઓકટોબર, ૧૮૬૯
**જન્મ સ્થળઃ** ગુજરાતના પોરબંદર જીલ્લામાં
**માતાનું નામઃ** પુતળીબાઇ
**પિતાનું નામઃ** કરચંદ ગાંધી
**પત્નીનું નામઃ** કસ્તુરબા
**શિક્ષણઃ** M.A. B. Ed. (એમ.એ.બી.એડ્)
**અવસાનઃ** ૩૦ જાન્યુઆરી ૧૯૪૮
**અવસાન સ્થળઃ** દિલ્લી
**સમાધિ સ્થળઃ** રાજઘાટ (દિલ્લી)
**ગાંધીજીના સિધ્ધાંતોઃ** સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સાદગી, વિશ્વાસ
**ગાંધીજીએ કરેલો સત્યાગ્રહઃ** ચંપારણ સત્યાગ્રહ – ૧૯૧૮, ખેડા સત્યાગ્રહ – ૧૯૧૭, અસહકારનું આંદોલન – ૧૩૨૦, દાંડીયાત્રા – ૧૯૩૦, હિંદ છોડો આંદોલન – ૧૯૪૨-૪૩
**ગાંધીજીએ આપેલુ સૂત્ર :** "આરામ હરામ હૈ"

તેમની વિશેષતા : તેઓ પ્રાકૃતિક ચિકિત્સાના જનક હતા. ગાંધીજીએ મોટી ચિકિત્સા દ્વારા ૬૬૮ દર્દીઓને સાજા કર્યા હતા.

તેઓને આજે પણ આપણે ખૂબજ સમ્માનની દ્રષ્ટિથી યાદ કરીએ છીએ. દેશના તમામ લોકો તેમને રાષ્ટ્રપિતા કહીને માનથી બોલાવે છે. તેઓ સૌના બાપુ તરીકે પણ જાણીતા છે.

ગાંધીજી એક મહાપુરૂષ હતા. તેઓ માનવતાના સંરક્ષક હતા. તે દિન-દુખિયોના મદદગાર અને અહિંસાના પૂજારી હતા. તે ભારતની સ્વતંત્રતાના પડકારવાળા મહાન સ્વતંત્રતા સેનાની હતા. તે બીજાની પીડા સમજવાળા મહાન સંત હતા. તે મહાપુરૂષનો જન્મ ૨ ઓકટોબર ૧૮૬૯ના રોજ ગુજરાતમાં થયો હતો. તેમનો જન્મ દિવસ આપણેલોકો ગાંધી જયંતીના રૂપમાં મનાવીએ છીએ.

મહાત્મા ગાંધીજીની ગણતરી વિશ્વના મહાન નેતાઓમાં થાય છે. તેમનો જન્મ દિવસ ૨ ઓકટોબર, ને આંતરરાષ્ટ્રય સ્તરે પણ મહત્વ અપાયુ છે. આ દિવસ આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસના રૂપમાં મનાવવામાં આવે છે. ખરેખર આજે વિશ્વમાં ગાંધીજીના જીવન મૂલ્યોની આવશ્યકતા છે. આજે ધાર્મિક કટ્ટરતા ખૂબ વધી રહી છે. કેટલાક લોકો જેહાદના નામ પર ધ્રૃણિત કૃત્યો કરે છે.

ક્યાંક મહિલાઓ અને બાળકોની સાથે અત્યારની ઘટનાઓ બની રહી છે. ધર્મ અને સંપ્રદાયના નામ પર સમાજમાં ઝેર ફેલાવાય રહ્યુ છે. આ બધાની વચ્ચે ગાંધીજી અને કબીર જેવા લોકોને બીજા લોકો ખૂબ જ યાદ આવે છે. તેમના વિચારોને દુનિયામાં ફેલાવીને શાંતિ પાછી લાવી શકાય છે.



સત્ય અને અહિંસાના પુજારી એવા અમારા વહાલા બાપુનો જન્મ દિવસ મહાત્મા ગાંધીનો જન્મ ૨ ઓકટોબર ૧૮૮૯ના રોજ પોરબંદરમાં થયો. તેમનું પુરૂ નામ મોહનદાસ કરમચંદ ગાંધી. તેમની માતાનું નામ પૂતળીબાઇ હતું. બાળપણમાં તેમણે 'હરિશચંદ્ર' નાટક જોયું અને શ્રવણની વાર્તા વાંચી. તેની તેમના હૃદય પર ઉંડી અસર થઇ. તે દિવસથી તેમણે સાચું બોલવાની અને મા-બાપની સેવા કરવાનો નિર્ણય કર્યો. ગાંધીજી માધ્યમિક શિક્ષણ પુરૂ કરી ઉચ્ચ અભ્યાસ કરવા માટે વિલાયત ગયા અને બેરિસ્ટર બન્યા. ગાંધીજી વકીલાત કરવા માટે દક્ષિણ આફ્રિકા ગયા હતા. ત્યા તેમણે ગોરાઓ દ્વારા હિંદીઓને થતો અન્યાય નજરો-નજર જોયો. તેમને પણ ત્યાં ચાલતા રંગભેદનો કડવો અનુભવ થયો. તેમણે એ અન્યાય દૂર કરાવવા માટે અહિંસક લડત ઉપાડી. તેમાં તેમણે સફળતા મળી.




મકવાણા જૈત્ર યુ.
ધોરણ : ૧૦

ત્યાર પછી ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા. ભારતમાં તે વખતે અંગ્રેજોનું શાસન હતું. ભારતને અંગ્રેજોની ગુલામી માંથી મુક્ત કરવા માટે ગાંધીજીએ દેશવ્યાપી આંદોલન શરૂ કર્યું. અહિંસા અને સત્યાગ્રહ તેમના શસ્ત્રો હતા. દેશની જનતા અને અનેક દેશ નેતાઓએ તેમને તન, મન, ધનથી સાથ આપ્યો. અંગ્રેજોએ તેમને ઘણીવાર જેલમાં પુર્યા, પણ તેઓ હિંમત હાર્યા નહિં. છેવટે સૌના પ્રયત્નોથી ભારતે ૧૯૪૭ માં આઝાદી મળી. ગાંધીજીએ અમદાવાદમાં પહેલાં કોચરબમાં અને પછી સાબરમતી નદીને કિનારે આશ્રમની સ્થાપના કરી. તેઓ સાદાઈથી રહેતા. ગમે તેટલું કામ હોય છતાં તેઓ સવાર સાંજ પ્રાર્થના કરતા. તેમની પ્રાર્થના સભામાં અનેક લોકો આવતા. તેમને 'વૈષ્ણવજન તે તેને કહીએ ' એ કવિ નરસિંહ મહેતાનું ભજન અતિપ્રિય હતું. તેઓ દરરોજ રેટિયો કાંતતા, તેમણે પોતાની આત્મકથા લખી છે. જે 'સત્યના પ્રયોગો' ના નામે જાણીતી છે. તેમના પત્નીનું નામ કસ્તુરબા હતું. તેમણે પણ ગાંધીજીને ઘણો સહકાર આપ્યો હતો. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ ગાંધીજી દિલ્લીમાં પ્રાર્થના સભામાં જતા હતા ત્યારે નાથુરામ ગોડસે નામના યુવકો તેમને ગોળીઓથી વિંધી નાખ્યા. આથી વિશ્વભરના લોકોને ભારે આઘાત લાગ્યો. તેમની સમાધિ દિલ્લીમાં આવેલી છે. તે 'રાજઘાટ' તરીકે ઓળખાય છે. દેશવાસીઓ ગાંધીજીને 'રાષ્ટ્રપિતા' તરીકે આજે પણ યાદ કરે છે.

**"વૈષ્ણવ જન તો તેને કહીએ,**
**જે પીડ પરાઈ જાણે રે..."**

**ગાંધીજી એ દેશને આઝાદી અપાવવા માટે અહિંસાનો માર્ગ પસંદ કર્યો હતો. આપણે પણ સામા પક્ષને હરાવવા માટે હિંસા નહીં, પરંતુ અહિંસાનો જ માર્ગ અપનાવવો જોઇએ. ગાંધીજીએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કર્યો હતો, અને સ્વદેશી વસ્તુઓને અપનાવવા જોર આપ્યુ હતુ. તે જ રીતે જો આપણે પણ કરીએ તો આપણા દેશના નવયુવાનોને રોજગારી મળી શકે. મને ગાંધીજીના જીવનમાંથી શીખ મળી છે કે, હંમેશા સત્ય અને અહિંસાના માર્ગ પર જ ચાલવું જોઈએ અને તેમની જેમ સાદું અને સાત્વિક જીવન જીવવું જોઇએ.**

**પંચાલ જય જી., ધોરણ ૮**



**ગાંધજીના જીવન પરથી આપણને શીખવા મળે છે કે, જે દેશમાં લોકો ભૂખે મરે છે. એ દેશ પાસે કોઈ ધર્મ, કલા કે સંગઠન હોતુ નથી. અહિંસાની શક્તિ હિંસા કરતા શ્રેષ્ઠ હોય છે. ક્રૂરતાનો ઉત્તર ક્રૂરતાથી આપવો એ બુદ્ધિના પતન બરાબર છે. સ્વચ્છતા, પવિત્રતા અને આત્મ-સન્માનથી જીવવા માટે પૈસાની જરૂર હોતી નથી. જીવનમાં ત્યાગની ભાવના રાખવી જોઈએ. ગુલાબને ઉપદેશ આપવાની જરૂર નથી, તે પોતાની સુગંધ ફેલાવે એ જ એનો ઉપદેશ છે. જે વ્યક્તિ શુદ્ધ આચરણવાળો હોય તે સરળતાથી લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કરે છે.**

**ધોરણ – ૮ પટેલ યશ સી.**

**ગાંધજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો' માં જે પોતાના જીવનની વાત કબૂલી છે તે મને ખૂબ જ સ્પર્શી ગઈ. તેમના જીવનમાં તેઓ માત્ર ખપપૂરતી જ વસ્તુઓનો ઉપયોગ કરતા હતા. જેવીકે મોં ધોવા માટે તેઓ માત્ર એક નાની લોટી પાણીનો જ ઉપયોગ કરતા હતાં. મુસાફરીમાં પણ તેઓ સામાન્ય ડબ્બામાં જ બેસવાનું પસંદ કરતા હતા. તેમણે પોતાના દેશની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પોતે ક્યારેય સુખ-સાહ્યબી કે એશો-આરામ ભોગવ્યા નહીં. પરંતુ એક ટૂંકી પોતડી પહેરીને દેશને આઝાદી અપાવી. સત્ય અને અહિંસા માટે આખું જીવન ખર્ચી નાખનાર વ્હાલા બાપુને મારા કોટિ-કોટિ વંદન.**

**પટેલ ક્રિશ ડી., ધોરણ – ૬**

# નવરાત્રી




નવરાત્રી એટલે નવ દિવસ આદ્યશક્તિ માતા નવદુર્ગાની ઉપાસના અને ભક્તિ નવરાત્રી એક એવો તહેવાર છે. જેમા માતાના નવરૂપનું પૂજન કરવામાં આવે છે. નવરાત્રી ઉત્સવ એટલે નવ રાતોનો મહોત્સવ. નવરાત્રી એટલે ગુજરાતની અસ્મિતા, ઓળખાણ. આ ઉત્સવ દરમ્યાન ગુજરાતીઓ શેરીઓમાં , પોળોમાં, મેદાનોમાં ગરબે ઘુમવા ઉમટી પડે છે. 'જ્યાં વસે એક ગુજરાતી સદા કાળ ગુજરાત' કવિની આ કાવ્ય પંક્તિને અનુરૂપ ફક્ત ગુજરાતમાં જ નહીં. પરંતુ જ્યાં-જ્યાં ગુજરીતીઓ વસેલા છે. ત્યાં ત્યાં તેમણે આ ઉત્સવની મહેક પહોંચાડી દીધી છે. ગુજરાતીઓ માટે તો નવરાત્રી એક મહોત્સવ જ છે. જે દર વર્ષે ગુજરાતીઓને ગાંડા કરી મૂકે છે. એક સરખા નવ દિવસ સુધી રાત્રે ગરબે ઘુમવુ એ એક અણમોલ લ્હાવો છે. જે ગુજરાતીઓ દર વર્ષે માણે છે.

શક્તિઓની ઉપાસના રાત્રે જ કેમ ?અહિ 'રાત્રી'નો અર્થ ૨૪ કલાકમાં આવતી રાત્રીનો સંકેત નથી. પરંતુ મનુષ્યના અજ્ઞાન, અંધકારરૂપી રાત્રી અજ્ઞાન, અંધકારમાં જ મનુષ્યો, માયારૂપી વિચારો, વિકૃત પ્રવૃતિઓમાં ફસાયેલા રહે છે. નિર્બળ બની જાય છે. કોઇ હામ રહેતી નથી આવા વખતે જ આ બધી માયાજાળમાંથી છૂટવા. મુક્તિ મેળવવા ભગવાન પાસે જપ, તપ, પ્રાર્થના ઇત્યાદિ દ્વારા શક્તિઓ મેળવવાની જરૂરીયાત ઉભી થાય છે. આમ અહિ અજ્ઞાન અંધકારરૂપી રાત્રીનો સંકેત છે. એક શક્તિમાં બીજી શક્તિ ભળે તો, શક્તિઓનો સરવાળો થવાને બદલે ગુણાકાર થાય છે. અને આ શક્તિઓનો ગુણાકાર ગજબનો ચમત્કાર સર્જી શકે છે. અને તેનું ઉદાહરણ શ્રી અંબા માતા છે. આ કારણે શ્રી અંબામાતાનું બીજી બધી દેવીઓ કરતા મહત્વ વધુ છે. અને એનું સ્થાન આગવું અને અનોખુ જ ગણાય છે.

વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી, અને પુષ્ય/માધ નવરાત્રી છે. આમાં, પુરતશી મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે. અને વસંત કાલમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે. જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**વસંત નવરાત્રીઃ** બસંત નવરાત્રી, જેને વસંત નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. તે શક્તિ (માતૃ દેવી) ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ – એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ આળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામા નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

**ગુપ્ત નવરાત્રીઃ** જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે. જે અષાઢ (જુન-જુલાઇ) મહિનામાં શક્તિ ગુપ્ત નવરાત્રીને અષાઢ શુકલ પક્ષ (ચંદ્ર વધવાના તબક્કા) દરમિયાન અનુસરવામાં આવે છે.

**શરદ નવરાત્રીઃ** આ ખૂબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે. અને તેની ઉજવણી અશ્વિન મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે. કારણકે તેની ઉજવણી શરદ (શિયાળાની શરૂઆત સપ્ટેમ્બર ઓકટોબર) ના સમયે થાય છે.

**પોશ્ય નવરાત્રીઃ** પોશ્ય નવરાત્રી પોશ (ડિસેમ્બર - જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ) ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પોશ્ય નવરાત્રી પોશ શુકલ પક્ષ (ચંદ્રના વધવાના તબક્કા) દરમિયાન કરવામાં આવે છે.

નવરાત્રી માતાની ભક્તિપૂર્ણ ગીતોથી ઉપાસના કરવા માટે ઉત્તમ ગણાય છે. ગુજરાતનો ગરબો એટલે આસો સુદ ૧ થી આસો સુદ ૯ શરદ નવરાત્રી દરમ્યાન ગવાતા માતાજીના ભક્તિપૂર્ણ ગીતો. આ ગરબાનો ઉદ્ભવ કેવી રીતે થયો. તેની ઐતિહાસિક તારીખ એક સંશોધનનો વિષય છે.પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણના રાસલીલા એ આનું ઉદ્ગમ સ્થાન કહી શકાય. પાંચ હજાર વર્ષ પહેલા ભગવાન શ્રી કૃષ્ણ –રાધાજી અને ગોપીઓ રાસ રમતા હતા. ગરબો પણ, તેનો જ એક પ્રકાર છે. ગરબામાં પણ રાસ છે, નૃત્ય છે, લય છે, સંગીત છે. ગરબે ઘુમવું એ પણ એક કળા છે અને ગરબે ઘુમનાર દરેક કલાકાર છે.

**નવરાત્રનું વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક રહસ્ય...**

નવરાત્ર શબ્દ થી નવ અહોરાત્ર (વિશષ રાત્રીઓ) નો ખ્યાલ આવે છે. આ સમય શક્તિના નવ રૂપોની ઉપાસના કરવામાં આવે છે. 'રાત્રી' શબ્દ સિદ્ધિનું પ્રતિક છે.

ભારતના પ્રાચીન ઋષિ મુનીઓ એ રાત્રી ને દિવસ ની અપેક્ષા વધારે મહત્વ આપ્યું છે. માટે દિવાળી, હોળી, શિવરાત્રી, નવરાત્રી વગેરે ઉત્સવોને રાતે જ મનાવવાની પરંપરા છે. જો રાત્રી નું કોઇ વિશેષ રહસ્ય ન હોત તો આવા ઉત્સવોને ---------- અને દિવસ કહીને જ બોલાત. પણ નવરાત્ર નાં દિવસો, નવ દિવસ નથી કહેવાતા.

મનીષીઓએ રાત્રી નાં મહત્વને અત્યંત સૂક્ષ્મતા સાથે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય માં સમજવા અને સમજાવવાનો પ્રયત્ન કર્યો. રાત્રે પ્રકૃતિમાં ઘણા બધા અવરોધ ખતમ થઇ જાય છે. આધુનિક વિજ્ઞાન પણ આ વાત સાથે સહમત છે. આપના ઋષિ-મુનિઓ આજથી કેટલાક હજારો વર્ષો પહેલા પ્રકૃતિના આ વૈજ્ઞાનિક રહસ્યોને જણી ચુક્યા હતા.

દિવસે તમે કોઇને બુમ મારશો તો એ દૂર સુધી નહિ જાય. પણ રાત્રે એ બુમ મારવામાં આવે તો એ ઘણી દૂર સુધી જાય છે. એની પાછળ દિવસનો કોલાહલ ઉપરાંત એક વાજ્ઞાનિક તથ્ય એ પણ છે કે દિવસે સૂર્યના કિરણો અવાજના તરંગો અને રેડિયો તરંગોને આગળ વધવાથી રોકી દે છે. રેડિઓ આ વાતનું જીવતુ-જાગતુ ઉદાહરણ છે. ઓછી શક્તિના રેડિઓ સ્ટેશનો ને દિવસે પકડવા અર્થાત સાંભળવા મુશ્કેલ હોય છે. જ્યારે સૂર્યાસ્ત પછી નાના માં નાના રેડિઓ સ્ટેશન પણ આરામથી સાંભળી શકાય છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતો એ છે કે સૂર્યના કિરણો દિવસે રેડિઓ તરંગોને જે રીતે રોકે છે એજ રીતે માત્ર જાપના વિચાર તરંગોમાં પણ દિવસે અડચણ પડે છે. માટે ઋષિ-મુનિઓએ રાત્રીને દિવસ કરતા અધિક મહત્વ આપ્યુ છે. મંદિરોમાં ઘંટ અને શંખનો અવાજ કે કંપનથી દુર-દુર સુધી વાતાવરણ કિતાનુઓથી રહિત થઇ જાય છે. આ રાત્રીનું વૈજ્ઞાનિક રહસ્ય છે. જે આ વૈજ્ઞાનિક મહત્વ અને તથ્યને ધ્યાનમાં રાખી રાત્રીઓમાં સંકલ્પ અને ઉચ્ચ અવધારણા ની સાથે પોતાના શક્તિશાળી વિચારો તરંગો ને વાયુઓમાં મોકલે છે. એમની કાર્યસિદ્ધિ એટલે મનોકામના સિદ્ધિ. એમનો શુભ સંકલ્પ પ્રમાણે ઉચિત સમય અને બરાબર વિધિ પ્રમાણે કરવાથી અવશ્ય થાય છે.

પ્રથમ ત્રણ દિવસો –દેવી એક પવિત્ર શક્તિ તરીકે અલગ થઇ જેથી આપણી તમામ અપવિત્રતાનો તે નાશ કરી શકે. જે દુર્ગા કે કાલી તરીકે ઓળખાય છે.

બીજા ત્રણ દિવસો –માતાની પ્રેમપૂર્વક પવિત્ર સંપત્તિ આપનાર લક્ષ્મી પણ છે. સંપત્તિની દેવી હોવાને કારણે તેમના ભક્તોને અખૂટ સંપત્તિ આપવા માટે તે સક્ષમ છે.



**અંતિમ ત્રણ દિવસો**

અંતિમ ત્રણ દિવસોને બુદ્ધિના દેવી સરસ્વતીની પૂજા માટે અર્પિત કરવામાં આવે છે. જીવનમાં તમામ સફળતા મેળવવા માટે લોકો આ તમામ દેવી નારી સ્વરૂપોના આર્શિવાદ મેળવવા જરૂરી સમજે છે. અને માટે જ નવ રાત્રીની પૂજા કરવામાં આવે છે.

નવરાત્રીમાં આપણે સૌએ કાણા-કાણાવાળી માટલી એટલે કે ગરબો તો જોયો જ હશે. ક્યારેય એવું વિચાર્યુ કે આ ગરબાનું મહત્વ શું છે. ? તે શા માટે પૂજાય છે. ? ચાલો જોઈએ.

ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલો છે. પરંતુ 'ગરબો' એ શબ્દની સંપૂર્ણ ઉત્પતિ માટે આપણા વિદ્વાનો હજુ સુધી એકમત નથી તેથી દીપગર્ભ ઘટ, ગર્ભો, ગરભો વગેરે શબ્દોનું અપભ્રંશ થતાં-થતાં ગરબો એ શબ્દનું અસ્તિત્વ આવ્યું હશે તેમ માની શકાય છે. યુગોથી ચાલી આવતી આ ગરબા પ્રણાલિકાનાં મુખ્ય બે પ્રકાર છે. એક પ્રકાર સ્થૂળ રૂપે રહેલ છે. અને બીજો પ્રકાર વાણી રૂપે પ્રગટ થાય છે. ગરબાના પ્રથમ સ્થૂળ સ્વરૂપમાં માટીનો કે ધાતુનો ગરબો આવે છે. અને બીજા પ્રકારમાં તાળીઓ પાડતા દિવા કે માંડવીની આસપાસ ફરતા ગાવું અર્થાત વાણી સ્વરૂપે પ્રગટ થાય છે તે ગરબો.ભગવદ્ગોમંડલમાં ગરબો શબ્દનો અર્થ કરતા કહ્યું છેકે માટીની કે ધાતુની બનાવેલી કાણાવાળી માટલીની અંદર રહેલા ગર્ભને ગરબો કહે છે. આ કાણાંમાથી ગર્ભમાં રહેલ દિપ પોતાના તેજોમય પ્રકાશ પાથરે છે. માટીના ગરબાનો અર્થ કાઢતા આપણાં શાષા... કહે છે કે માટી એ પૃથ્વી તત્વનો ભાગ છે. તેમ આપણું શરીર પણ પૃથ્વી તત્વનો એક ભાગ છે. ગરબાનો દિપ તે આપણા આત્માનું સ્વરૂપ છે. જ્યારે એ આત્મારૂપી દિપમાંથી તેજોમય કિરણો છે જે બહાર પ્રસરીને જગતને આનંદરૂપી પ્રકાશ આપે છે.

નવરાત્રી મહોત્સવમાં આદ્યશક્તિ નવદુર્ગાની આરાધના, અનુષ્ઠાન અને ભક્તિ કરવામાં આવે છે. તે મુજબ નવદુર્ગા, શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંન્દ્રઘાણ્ટોતિ, ર્કષ્માણ્ડેતિ, સન્દમતિતિ, કાત્યાયનીતિ, કાલરાત્રીસ મહાગૌરી અને સિદ્ધિદાત્રી ઉપાસ્ય દેવીઓ છે.

**નવરાત્રીમાં ગરબાની પરંપરા**



ગારબો, માતા અંબા અને બહુચરાજીનો ગરબો, ગુજરાતનો ગુજરાતી ગરબો, એ ગુજરાતના લોકનૃત્યમાંનો એક ઉત્સવ છે. આસો માસની શુકલ પક્ષની એકમ તિથિ થી લઈને દશમ સુધી આ ગરબો લેવાય છે, રમાય છે અનો ખેલાય છે. આજ થી લગભગ ત્રણસો વર્ષ પહેલા ગુજરાતમાં ગરબો લખનાર અને ગાનાર પ્રસિદ્ધ ભક્ત કવિઓ હતા. વલ્લભભટ્ટ ધોળાવાળા, પ્રેમાનંદ દયારામ આજે પણ તેમના ગરબાઓ તેટલા જ ઉત્સાહ થી ગવાય છે. આધુનિક યુગમાં ઘણાં નવાં ગરબાઓ રચાય અને ગવાય છે. આજે ગરબા ગાવાનું સ્વરૂપ ઘણુ બદલાઇ ગયુ છે. પહેલા તાળીઓનાં તાલે ગરબા ગવાતા આજે ઓરકેસ્ટ્રા ઉપર યુવક-યુવતીઓ ગરબે ઘુમે છે. મોટા-મોટા પ્લોટોમાં પ્રકાશ અને સંગીતનું સંયોજન થાય છે. છેલ્લા ૨૫ વર્ષોથી ડિસ્કો ડાંડિયાનું પ્રમાણ વધી ગયું છે. પ્રાણાલિકાગત ગરબાઓ હવે બહુ ઓછા જોવા મળે છે. મોટા શહેરોમાં આનુ પ્રમાણ વધુ છે. ગુજરાતના ગામડાઓ આજે પણ ભક્ત કવિઓના ગરબા, તાળીઓના તાલે ગુંજે છે.

# સંયુક્ત રાષ્ટ્ર દિવસ

પ્રથમ વિશ્વયુદ્ધને અંતે વિશ્વમાં આંતરરાષ્ટ્રીય શાંતિ સ્થાપનાના હેતુથી રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી હતી. પરંતુ દ્વિતિય વિશ્વયુદ્ધ થયું. અર્થાત રાષ્ટ્રસંઘ નિષ્ફળ ગયો. દ્વિતિય વિશ્વયુદ્ધ પુરૂ થતા વિશ્વમાં ફરી એકવાર શાંતિ સલામતી અને સહ અસ્તિત્વના હેતુથી સંયુક્ત સંઘની સ્થાપના કરવામાં આવી. તેની સ્થાપના ૨૪ ઓકટોબર ૧૯૪૫માં તેનું કાર્યાલય ન્યૂયોર્કમાં રાખવામાં આવ્યું.

સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના માટે બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકા જોડાયું. ત્યારથી જ તેના આ દિશામાં પ્રયત્નો ચાલુ હતા. માનવ સ્વાતંત્ર, શાંતિ અને સલામતીના હેતુસર અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટે એમેરિકન કોંગ્રેસને સંદેશો આપતા મહત્વની ચાર સ્વાતંત્રતાઓની ઘોષણા કરી.

(૧) વિચાર અને વાણી સ્વાતંત્ર્ય
(૨) ધાર્મિક સ્વાતંત્ર્ય
(૩) આર્થિક સ્વાતંત્ર્ય
(૪) ભયમાંથી મુક્તિના અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યા.

આ પછી પ્રમુખ રૂઝવેલ્ટ અને બ્રિટનના વડાપ્રધાન ચર્ચિલે એટલેન્ટિક મહાસાગરના એક જહાજ પર આઠ મુદાઑઓનું ખતપત્ર તૈયાર કર્યું. જે પાછળથી 'એટલેન્ટિક ખતપત્ર' તરીકે ઓળખાયુ. ખતપત્રમાં દરેક રાષ્ટ્રના સ્વાતંત્ર્ય અને સાર્વ ભૌમત્વની જાણકારી કરવી, શાંતિ સલામતી સામાજિક અને આર્થિક કલ્યાણ અને નિઃશસ્ત્રીકરણની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો. ત્યારબાદ બ્રિટન, અમેરિકા, રશિયા અને ચીનના વિદેશ પ્રધાનો વિશ્વશાંતિ માટે મોસ્કો ખાતે ભેગા મળ્યા. ૧૯૪૩ના ઓકટોબર ૨૪ના રોજ ૫૧ સભ્યરાષ્ટ્ર દ્વારા સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપનાની જાહેરાત થઇ.તેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ત્યારથી શરૂ કરીને આજ પર્યત ૨૪ ઓકટોબરનો દિવસ યુ. એન. દિવસ Cunited Nation તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. હાલ સંયુક્ત રાષ્ટ્રોમાં ૧૯૩ રાષ્ટ્રો સભ્ય તરીકે છે.



**પરમાર રાહુલ એલ**
ધોરણ : ૧૦

(૧) સામાન્ય સભા
(૨) સલામતિ સમિતિ
(૩) આર્થિક અને સામાજિક સમિતિ
(૪) વાલી સમિતિ
(૫) આંતરરાષ્ટ્રીય અદાલત
(૬) સચિવાલય

આ અંગો પૈકી આંતરરાષ્ટ્રીય અદાલત નેધરલેન્ડના હેગ શહેરમાં આવેલી છે. તે સિવાયની અન્ય સમિતિઓની મુખ્ય કચેરીઓ અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં છે.

સંયુક્ત રાષ્ટ્રોનાં અંગોનાં કાર્યો :

WHO વિશ્વ આરાગ્ય સંસ્થા : વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણાનું કામ કરે છે.

IMF આંતરરાષ્ટ્રીય બેંક તથા નાણાં ભંડોળ : નાણાકીય સ્થિરતા સ્થાપવાનું કાર્ય કરે છે.

FAO આંતરરાષ્ટ્રીય ખાદ્ય અને કૃષિ સંસ્થા : તે ખેત પેદાશો જંગલો અને માછલીઓનું ઉત્પાદન વધારવા, પોષણનું ધોરણ ઉંચુ લાવવા સહાય કરે છે.

ILO આંતરરાષ્ટ્રીય મજદૂર સંસ્થા : વિશ્વ મજદૂરોના હકો અને ન્યાય અપાવવાનું કાર્ય કરે છે.

UNICEF બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ : વિશ્વના બાળકોનું સ્વાસ્થ્ય સુધારવા પૌષ્ટિક ખોરાક, શિક્ષણ અને બાળ કલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે.

# દિકરી વ્હાલનો દરિયો

*એક દિકરી કહે છે, ચુમી લેજો મારી પાંપણોને,*
*વિખુટા થતાં પહેલા છેલ્લીવાર, આખી જીંદગી*
*સ્વપ્નોમાં તમને, જોયા કરશે આ આંખ તમને.*

યુનાઈટેડ નેશનલ દ્વારા ૧૧ઓકટોબર આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો. ભારતમાં આ દિવસ ૨૦૧૨ થી ઉજવવાની શરૂઆત કરવામાં આવી. દિકરીઓ પ્રત્યે અસમાનતા, ભેદભાવ, શિક્ષણ, બાળલગ્ન, જાતિભેદ માટે સ્ત્રીઓને સામનો કરવો પડે છે. તે માટે ભારત સરકાર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.



**ગોહેલ દેવ્યાની જે**
ધોરણ : ૧૦

ગર્લ ચાઈલ્ડ આંતરરાષ્ટ્રીય દિવસ યોજના 'આંતરરાષ્ટ્રીય બિન સરકારી સંસ્થા છે' જેણે વિશ્વભરમાં છોકરીઓ અભિયાન વિશે પ્રોજેકટ શરૂ કર્યો. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં દિકરીઓ માટેની જાગૃતિ આવે. વર્તમાન સમયમાં ભારતનું જાતિ પ્રમાણમાં ૧૦૦૦ દિકરીઓના પ્રમાણમાં ૯૪૦ દિકરીઓનું પ્રમાણ છે. આ બાબત ખૂબ જ ચિંતાજનક છે.



ભારતમાં અંદમાન અને નિકોબાર રાજ્ય ૮૭૮, દમણ અને દિવ ૬૧૮, દાદરનગર હવેલી ૭૭૫, આપણી રાજધાની દિલ્હીમાં ૮૬૬ જેવા આંકડાઓ દિકરાઓના પ્રમાણમાં દિકરીઓનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આ દિવસનું મહત્વ સમજી દિકરીને માન આપવાનો દિવસ.

*દિકરી એટલે મોરપીંછની મુલાયમતા,*
*એમાં રંગ પણ હોય અને ઉમંગ પણ હોય,*
*દિકરીરૂપી મોરપીંછ પામ્યા પછી,*
*કોઈ મા-બાપ કદરૂપા રહેતા નથી.*

આંતરરાષ્ટ્રીય ગર્લ ચાઈલ્ડ ડે માં દર વર્ષે થીમ હોય છે. જેમાં નીચે પ્રમાણેની યાજનાઓનો સમાવેશ થયો છે.

*૨૦૧૨ માં 'બાળલગ્નનો અંત'*
*૨૦૧૩ માં 'છોકરીઓ શિક્ષણ માટેના સુધારાઓ'*
*૨૦૧૪ માં 'ઓમ્પાવરિંગ કિશોરીઓ વાયોલન્સ'*
*૨૦૧૫ માં 'કિશોરો ગર્લ પાવર'*

આપણી ભારત સરકાર દ્વારા પિતા અને બીજી યોજના 'બેટી બચાવો બેટી પઢાઓ' દિકરીઓ માટે સરકાર વિવિધ યોજનાઓ પિતાનો અહ્લાદક પ્રેમ અને માતાનું નિર્મલ વ્હાલ આ ભેગુ થાય આકાશમાં ચડે તેની વાદળી બંધાય અને ધોધમાર વરસે એનું નામ 'દિકરી'

*"મોગરાની મહક, ગુલાબની ભવ્યતા, અને પારીજાતની દિવ્યતા કોઈ ઝાકળ બિંદુમાં એકઠી થાય ત્યારે કોઈ પરિવારને દિકરી પ્રાપ્ત થાય છે."*

મહાકવિ વાલ્મિકીએ રામાયણમાં સીતાના પ્રેરક પાત્રનું સર્જન કર્યુ. તેમણે ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ સમી ઉર્મિલાનું પાત્ર સર્જ્યુ. મહાભારત કાર વ્યાસે દ્રોપદીના પાત્ર નિરૂપણ દ્વારા નારી ધર્મનો મહાન આદર્શ રજૂ કર્યો.



**ચોક્સી ગોપાલ એન.**
ધોરણ : ૧૦

માનવીના જીવનમાં નારીનું સ્થાન ગૌરવભર્યું છે. મનુષ્યને જન્મ આપનારી નારી સભ્યતા અને સંસ્કૃતિની મિશાલ છે. રાજકારણ, વિજ્ઞાન, શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓ મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે. નારીનું જીવન ખરેખર સ્નેહ, સહનશીલતા, ત્યાગ અને બલિદાન જેવા ગુણોથી સભર છે. કુટુંબ સમાજના હિત ખાતર આજની નારી ઘણું બધુ કરી શકે છે. ત્યાગના ગુણથી નારી શોભે છે. સારી સંસ્કારનું ભાથું લઇને તે બે કુળને તારે છે. એટલે જ નારીને નારાયણીનું બિરૂદ મળ્યુ છે.

ભારતમાં વર્તમાન સમયમાં દિકરીઓનું પ્રમાણ ઘટતુ જાય છે. તેનો આંક જોતા જ આશ્ચર્ય પમાડે તેવી પરિસ્થિતિ ઉભી છે. ૧૦૦૦ છોકરીઓ ને પરિણામે ૯૪૦ છોકરીઓ છે. સમાજમાં વધી રહેલ ભ્રુણ હત્યાના કિસ્સાઓને પરિણામે 'બેટી બચાઓ' અભિયાનનો પ્રચાર અને પ્રસાર કરવાનું ખૂબ જરૂરી બન્યુ છે. આધુનિક ટેક્નોલોજી આજે વિકાસ પામતા મેડીકલ સાયન્સની નવી શોધોને પરિણામે ઘણી સ્ત્રીઓ મરજીથી કે કૌટુંબિક દબાણો હેઠળ આવી જઇને ભ્રુણ હત્યાના શિકાર બને છે. જો આપણાં સમાજમાં આવી સ્થિતિ રહેશે તો એક દિવસ એવો આવશે કે ૨૫ થી ૩૦ ટકા છોકરીઓની અછત ને લીધે છોકરાઓ કુવારા રહી જશે. અને એના કારણે બળાત્કાર, એઇડ્સ જેવાં દુષણોનો સમાજને કપરો સામનો કરવો પડશે. આ બધી ભ્રુણ હત્યાનો સામનો આપણે બધા સાથે મળીને જ કરવો પડશે.

# ઈન્ડિયન એરફોર્સ ડે

૮ ઓકટોબરે આપણે 'ઈન્ડિયન એરફોર્સ ડે' તરીકે ઉજવાએ છીએ. આજે બધાં દેશો આધુનિક રૂપથી મજબુત થઈ રહ્યા છે. તો બધા દેશો માટે જરૂરી થઇ ગયુ છેકે તે પોતાના દેશની સુરક્ષા માટે મહત્વના પગલા લે. જેમા આજે સૌથી મોટું મહત્વ વાયુસેનાનું છે. ભારત દેશની લગભગ ૨૪૦૦૦ કિલોમીટર આંતરરાષ્ટ્રીય સીમા ની સુરક્ષાની જીમ્મેદારી ભારતીય વાયુ સેનાએ સંભાળી છે. ભારત દેશની સીમા પર જ્યારે સંકટ આવ્યુ છે. ભારતીય વાયુસેના 'સંકટમોચન'ના રૂપમાં નજર આવી.

ભારતીય વાયુસેનાની સ્થાપના ૮ ઓકટોબર ૧૯૩૨ના રોજ થઇ. ભારત જ્યારે આઝાદ થયો હતો તો ઘણીવાર એવો સમય આવ્યો જ્યારે ભારતીય વાયુસેના ભારતવાસીઓ માટે મર-મિટવા તૈયાર થઇ ગઇ. ચીન હોય કે પછી પાકિસ્તાન જ્યારે બધી બાજુએથી ભારતને તેના દુશ્મનોએ ઘેરી લીધો હતો. ઓકટોબર ૧૯૬૨માં ચીન અને ભારતની વચ્ચે યુદ્ધની સ્થિતિ આરંભ થઇ ચૂકી હતી. એવા સમયે ભારતીય વાયુસેના ઉપર ખૂબ વધારે દબાવ હતો. ત્યારે ભારતીય વાયુસેનાએ ભારતવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને મહત્વપૂર્ણ નિર્ણયો લીધા. જેનાથી ભારતની સીમા પર ચીન ના હુમલાના ખતરા ઓછા થઈ ગયા.



**ગર પદ્યુમન પી.**
ધોરણ : ૧૦



દુનિયાની ચોથી સૌથી મોટી ભીરતીય વાયુસેના આજે દુશ્મનની ઉંઘ હરામ કરવા માટે સક્ષમ છે. પણ શું તમે જાણો છો કે ૧૯૭૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયુ તે સમયે વાયુસેનાની તાકાત વિશે દુશ્મન વિચારે છે તો પણ તેને ડરાવના સપના આવે છે.

ખાલી ૩ લોકોથી શરૂ થયેલ વાયુસેનાનું આ સફર આજે ૭૦,૦૦૦ પર્સન સુધી પહોંચી ગયુ છે. કોઈપણ ભારતવાસી મેં ૧૯૯૯ને કેવી રીતે ભૂલી શકે છે. જ્યારે કારગીલ સંઘર્ષ ના દ્વારા પાકિસ્તાની આક્રમણકારીઓ ને નિયંત્રણ રેખાની બહાર કાઢવા માટે ભારતીય સેનાને વિશ્વના સર્વોચ્ચ ભૂ- ભાગોમાંથી એક ભાગ પર યુદ્ધ કરવુ પડ્યું અને એવા સમયમાં પણ ભારતીય વાયુસેના ભારત માટે સંકટમોચન સાબિત થઈ. આજે ભારતીય વાયુસેનાના દરેક જવાન એકજ વાક્ય બોલે છે.

" ઉડાનો મેં દમ ઈતના હૈ કિ અગર મોત ભી સામને આયી તે કહતે હૈ કિ રૂક જા,
અભી ઔર ભી દેશ કે દુશ્મનો કો મારના હૈ. – જય હિંદ"

# આંતરરાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન દિવસ



**ભટ્ટ ઋત્વી એમ.**
ધોરણ : ૧૦

૧૩મી ઓક્ટોબર આંતરરાષ્ટ્રીય ડિઝાસ્ટર ડે તરીકે ઉજવવામાં આવે છે. કુદરતી આપત્તિ ને ઘટાડવા માટે અને વૈશ્વિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે ૧૩ ઓક્ટોબર ૨૦૦૯ માં યુ. એન. જનરલ એસેમ્બલીમાં આ દિવસની ઉજવણી કરવાનો નિર્ણય લીધો હતો. આંતરરાષ્ટ્રીય ડિઝાસ્ટર દિવસને ૧૯૯-૯૯ ને આંતરરાષ્ટ્રીય ડિઝાસ્ટર દાયકા તરીકે અવલોકન કરવામાં આવ્યું હતું. આ દિવસની રચના કરવાનો હેતુ આફ્તો અને જોખમ ઘટાડવા માટે અને લોકોમાં જાગૃતિ વધારવા માટે છે.

ડિઝાસ્ટર રીડકશન દિવસ આ વર્ષે પરંપરાગત સ્વદેશી અને સ્થાનિક જ્ઞાન જે આધુનિક વિજ્ઞાન પૂરક અને એક વ્યક્તિગત સમાજ સ્થિતિસ્થાપકતા નો ઉમેરો કરે છે. Meteorologistsys દ્વારા આપત્તિ વિશેની ચેતવણી કે સંકેતો આપવામાં આવે તો કુદરતી આપત્તિની અસરો ઘટાડી શકાય.



**13 October**
INTERNATIONAL DAY FOR DISASTER

# આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસ

ઈ.સ. ૧૮૮૪માં યુનેસ્કોએ ૫ ઓકટોબરે આંતરરાષ્ટ્રીય શિક્ષક દિવસની ઘોષણા કરી છે. ભારતમાં ૫ ઓકટોબરના રોજ ડો. સર્વપલ્લીની યાદમાં ઉજવવામાં આવે છે.

ભારત દેશમાં પ્રથમવાર ઈ.સ. ૧૯૬૨માં ૫ સપ્ટેમ્બરના દિવસે શિક્ષક દિવસ ઉજવાયો હતો. ડો. રાધાકૃષ્ણન સર્વપલ્લી જ્યારે રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેના શિષ્યો અને પ્રશંસકેએ નિવેદન કરતા કહ્યું કે તમે તમારો જન્મદિવસ શિક્ષક દિવસના રૂપમાં ઉજવો. ત્યારથી જ ૫ સપ્ટેમ્બર શિક્ષક દિવસના રૂપમાં મનાવાય છે.




**વિશાલ જગતિયા**
ધોરણ : ૧૦

તે જ રીતે ચીનમાં ૧૯૩૧માં નેશનલ યુનિવર્સિટીમાં શિક્ષકની શરૂઆત થઈ હતી. ચીન સરકારે તેને ૧૯૩૨માં સ્વીકૃતિ આપી. પછી ૧૯૩૯માં કન્ફયેશિયસના જન્મ દિવસમાં ૨૭ ઓગષ્ટને શિક્ષક દિવસ જાહેર કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૫૧માં તે ઘોષણા પાછી લેવામાં આવી.

અમેરિકામાં મે મહીનાના પહેલા અઠવાડિયાના મંગળવારના દિવસ મનાવાય છે. તેની ઉજવણી આખું અઠવાડિયુ ચાલે છે. થાઈલેન્ડમાં દર વર્ષે૧૬ જાન્યુઆરીના દિવસે શિક્ષક દિવસ ઉજવાય છે. ત્યાં નવેમ્બર ૧૯૫૬ના રોજ પ્રસ્તાવ મૂકીને શિક્ષક દિવસની સ્વીકૃતિ મળી હતી. થાઈલેન્ડમાં પહેલો શિક્ષક દિવસ ૧૮૭૬માં મનાવાયો હતો.

ઈરાનમાં પ્રોફેસર અમાતુલ્લાહ મર્તાજા મોતેફારીની હત્યા પછી ૨ મે ના રોજ શિક્ષક દિવસ ગણાય છે. મોતેફારીની હત્યા ૨ મે ૧૯૮૦માં થઇ હતી. તુર્કી સામ્રાજ્યમાં ૨૪ નવેમ્બરના દિવસે શિક્ષક દિવસ મનાવાય છે. તુર્કીના પહેલા રાષ્ટ્રપતિ અતાતુર્કે આ ઘોષણા કરી હતી.

મલેશિયામાં શિક્ષક દિવસ ૧૬ મે ના રોજ ઉજવાય છે. આ ખાસ દિવસને મલેશિયાના લોકો 'હરિ ગુરૂ' કહે છે.



# ‘વિશ્વના સૌથી POWERFUL રાષ્ટ્રપતિ બરાક ઓબામા

બરાક ઓબામા એક એવા વ્યક્તિ છે. જે પોતાની હિમ્મતથી અશક્ય ને પણ શક્ય કરી શકે છે. બરાક ઓબામા યુનાઇટેડ સ્ટેટના ૪૪માં રાષ્ટ્રપતિ છે. અને સૌથી પહેલા આફ્રિકન અમેરિકન છે. બરાક ઓબામાને સૌથી સફળ રાષ્ટ્રપતિ તરીકે માનવામાં આવે છે. આને દુનિયાના સૌથી પાવર ફૂલ વ્યક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.



- બરાક ઓબામાનું પુરૂં નામ બરાક હુસેન ઓબામા છે.
- કેન્યાની સ્વાહિલી ભાષામાં બરાક ઓબામાના નામનો અર્થ થાય છે. એક એવો વ્યક્તિ જે ભાગ્યશાળી છે.
- યુએસ માં દરેક પાંચમો વ્યક્તિ ઓબામાને મુસ્લિમ માને છે.
- બરાક ઓબામાના પત્નીનું નામ : Michelle Robinson Obama (મિશેલ રોબિન્સન ઓબામા) છે. તેમને બે પુત્રીઓ છે. માલિયા અને સાશા છે.
- ઓબામા Apple ના Laptop ઉપયોગ કરવો સૌથી વધારે પસંદ કરે છે.
- ઓબામા હેરી પોટરના ખૂબ દિવાના છે.
- ઓબામા પાસે દુનિયાનું સૌથી શક્તિશાળી વિમાન છે. પરમાણું બોમ્બ પણ આ વિમાનનું કઇ ન બગાડી શકે. એલીવેટર્સ લોડર કોઇપણ જોખમથી ઓબામાને બચાવી શકે છે. આ પ્લેનમાં ૮૫ ઓનબોર્ડ ટેલિફોન, ટુ-વે રેડિયો, ફેક્સ મશીન અને કોમ્પ્યુટર કનેકશન્સ જેવા ફીચર્સ આ પ્લેનમાં આપવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ અને તેનો સ્ટાફ દુનિયાના કોઇપણ ખૂણામાં હજારો ફૂટ ઉંચાઇમાં હોય તો પણ ફોનમાં વાત કરી શકે છે. આ પ્લેનની ખાસિયત છે. હવામાં રિ-ફ્લુઇંગ ની સુવિધા.
- ઓબામાનું પ્લેન પણ રહસ્યમય છે. આના એક એક પાર્ટસ વિશેની જાણકારી કોઇને નથી.
- બરાક ઓબામાની પત્ની ફર્સ્ટ લેડી મિશેલ ખુબજ સ્ટાઇલીશ છે. ભારતીય ડિઝાઇનર નઇમખાન મિશેલના આઉટફિટ્સ ડિઝાઇન કરે છે.
- ઓબામાએ પહેલું ઇલેકશન ૨૦૦૮માં જીત્યુ હતું. ત્યારબાદ ૨૦૧૨માં જીત મેળવીને રાષ્ટ્રપતિ પદ પોતાના નામે કર્યું હતું.
- બરાકને પોતાના બાળકોમાં ખૂબ જ પ્રેમ છે. એટલો બધો પ્રેમ કે તેઓ ચાલુ મીટીંગમાં પણ તેમને મળવા માટે જાય છે.
- અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા કોલેજના દિવસોમાં ચેન સ્મોકર હતા. ત્યારે લોકોએ તેમનું નીક નામ ‘બરાક ઓગાંજા’ રાખ્યુ હતું.
- ઓબામા પાસે ‘ધ બીસ્ટ’ નામની ગાડી છે. આ ગાડીની કિંમત ૩ લાખ ડોલર છે. આની લંબાઇ ૧૮ ફૂટ છે. દર ૮ મીનીટ ચાલ્યા બાદ આ કારમાં એક ગેલન ઇંધણ લાગે છે. આ ગાડીની વધુમાં વધુ સ્પીડ ૬૦ કિલોમીટર પ્રતિ કલાક છે.
- ૧૯૯૫માં ઓબામા એ ઓટોબાયોગ્રાફી પર બુક લખી હતી. જેનું નામ ‘Dreams From My Father’ હતું. તેમની આ બુકે ખૂબ જ લોકપ્રિયતા મેળવી તેથી અલગ-અલગ ભાષામાં આનું એક ચાઇલ્ડ વર્ઝન લખવામાં આવ્યું.
- ઓબામા દુનિયાનો સૌથી સેફ ફોન બ્લેકબેરી વાપરે છે. આ ફોનમાં ફીચર્સ પણ તેમને પોતાની અનુકુળતા અનુસાર એડ કરાવ્યા છે.
- તમને જાણીને નવાઇ લાગશે કે બાળપણમાં ઓબામા એ ડોગ અને સ્નેક નું મીટ (માંસ)પણ ખાધેલ છે. પરંતુ આજે તેમને કોફી પીવાથી પણ સમસ્યા છે.
- ઓબામાને આઇસ્ક્રીમ ખુબજ પસંદ છે. જ્યારે તેઓ નાની ઉંમરના હતા ત્યારે આઇસ્ક્રીમ પાર્લરમાં પાર્ટ ટાઇમની જોબ કરતા હતા.
- વર્ષ ૨૦૦૮માં બરાક ઓબામા એ પોતાની પત્નીને સિગારેટ છોડવાનું વચન આપ્યું હતું. ત્યારબાદ ઓબામા એ ૨૦૧૦ પછી પોતાની પત્નીને આપેલા વચનનું માન રાખ્યું હતું. એટલેકે તેમને હંમેશા માટે સિગારેટ ને ટાટા બાય બાય કહી દીધી હતી.




## ભારતમાં સંદેશા વ્યવહારમાં ક્રાંતિ લાવનાર સામ પિત્રોડા

મિત્રો, ભારતમાં ટેલિકમ્યુનિકેશન એટલે કે આપણે જે એક સ્થળેથી બીજા સ્થળે ટેલિફોન દ્વારા સંદેશાવ્યવહાર કરી શકીએ છીએ ને તેને ભારતમાં વિકસાવવામાં સામ પિત્રોડાએ સિંહફાળો આપ્યો છે. સામ પિત્રોડાનું આખું અને સાચુ નામ સત્યનારાયણ ગંગારામ પિત્રોડા છે. ૪ મેં, ૧૯૪૨ના રોજ ઓરિસ્સામાં જન્મેલા પિત્રોડા મૂળે તો ગુજરાતી છે. પરંતુ તેમના માતા-પિતા વર્ષોથી ઓરિસ્સામાં સ્થાયી થયા હતા અને પિત્રોડાનો જન્મ પણ ઓરિસ્સામાં થયો હતો.



વડોદરામાંથી ભૌતિકશાસ્ત્રના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવનારા પિત્રોડા અમેરિકાની ઈલીનોસિસ યુનિર્વસિટીમાંથી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરની ડિગ્રી મેળવી હતી. ૧૯૭૫માં તેમણે ઈલેક્ટ્રીક ડાયરીની શોધ કરી હતી. વિશ્વની પહેલી ડિજિટલ સ્વિચની કંપની તેમણે સ્થાપી હતી.

૧૯૮૪માં રાજીવગાંધીની સાથે મળીને ભારતને ટેલિકમ્યુનિકેશનના ક્ષેત્રમાં વેગવંતુ બનાવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. તેમના પ્રયત્નોના પરિણામે આજે ભારતનાં મોટાભાગના મહાનગરો અને નગરો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ દૂરસંચારની વ્યવસ્થા સુચારૂ રીતે સંચાલિત થાય છે. તેઓ નેશનલ નોલેજ કમિશનના સભ્ય છે. આ કમિશન ભારતમાં શૈક્ષણિક સ્તર ઉંચું લાવવા માટે કાર્ય કરે છે. ગયા મેં મહિનામાં પિત્રોડાને ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયન દ્વારા વર્લ્ડ ટેલિકમ્યુનિકેશન એન્ડ ઈન્ફર્મેશન સોસાયટી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેમને ૨૦૦૯માં પદ્મભૂષણ એવોર્ડ. એ જ વર્ષે રાજીવગાંધી ગ્લોબલ ઈન્ડિયન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## “ટૂંકી વાર્તા” “ઉત્તરાધિકારીની ઉત્તમ ચકાસણી”

‘પધારો ગુરૂદેવા આપના પુનિત ચરણોમાં પ્રણામ કરૂં છું.’

આયુષ્યમાન ભવ’ ગંભીર માંદગીને બિછાને પડેલા રાજાને આર્શીવાદ આપતા ગુરૂદેવ બોલ્યા.

ગુરૂદેવ, હવે ઝાઝો વખત સિલકમાં રહ્યો નથી. મૃત્યુ મારી પ્રતિક્ષા કરી રહ્યું છે.

રાજન, હતાશ થવાની જરૂર નથી. જ્યાં લગી શ્વાસ ત્યાં લગી આશ, ગુરૂજીએ કહ્યું

રાજાએ વિનંતીના સ્વરે કહ્યું, ગુરૂદેવ આપને ખાસ કામ માટે અહીં તેડાવ્યા છે. મારી અંતિમ ઘડીઓ છે. માટે આપ મને રાજ્યનો ઉત્તરાધિકારી નક્કી કરવામાં મદદ કરો. આપની દ્રષ્ટિએ ક્યો રાજકુમાર ગાદીને યોગ્ય છે.?

ગુરૂદેવે કહ્યું, રાજન આપ શું વિચારો છો.?

રાજાએ વિવશ સ્વરે કહ્યું, ગુરૂદેવ મારા ત્રણેય રાજકુમારો સદ્‌ગુણી, શૂરવીર અને આજ્ઞાંકિત છે. ત્રણેય પર મને એક સરખો સ્નેહ છે. એટલે ઉત્તરાધિકારી કોને નીમવો એ નક્કી કરી શકતો નથી.

ગુરૂજીએ કહ્યું, રાજન, આપ ચિંતા ન કરો. હું ત્રણેય રાજકુમારોને બરાબર ચકાસી જોઉં છું. મારી કસોટીમાં જે સૌથી ઉત્તમ નીવડશે તેને ઉત્તરાધિકારી તરીકે નિયુક્ત કરજો.

રાજાએ ગુરૂદેવની વાતનો સવિનય સ્વીકાર કરી લીધો. બીજે દિવસે સવારે ગુરૂદેવે ત્રણેય રાજકુમારોને ......પોતાના આશ્રમમાં બોલાવ્યા.

ત્રણેય રાજકુમારોને જુદા-જુદા બોલાવીને એક જ પ્રશ્ન પૂછ્યો તમને રાજ્યમાં કોઇ ખરાબ દ્રુષ્ટ માણસ વિશે જાણવા મળે તો સૌ પ્રથમ શું કરશો.

પ્રથમ રાજકુમાર જવાબ આપતાં વિનમ્ર સ્વરે બોલ્યો. ગુરૂદેવ આવા દુર્જનને જીવતો રહેવા દેવો એ પ્રજા માટે અત્યંત હાનિકારક છે. તેને તો અવશ્ય કઠોર પ્રાણદંડ જ દેવો જોઇએ.

બીજો રાજકુમાર જવાબ આપતા બોલ્યો, ગુરૂદેવ, મને તો જેવી આ વિશે સુચના મળે કે તરત જ ચાંપતી તપાસ કરાવું. વાત સાચી નીકળે તો પહેલા તેને સમજાવીને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરૂં. એમ છતાં ન માને તો આજીવન કારાવાસમાં પૂરી દવું. મારા અભિપ્રાય અનુસાર તો આ જ શ્રેષ્ઠ ઉપાય છે.

ત્રીજા રાજકુમારે જવાબ આપતા કહ્યું, ગુરૂદેવ, આ સમાચાર મળતા સૌ પ્રથમ તો હું મારી પોતાની જાતનું આત્મનિરીક્ષણ કરીશ. આ દુર્જન જેવા કોઇ દોષ મારા પોતામાં તો નથીને ? મારામાં પણ એ દોષો માલુમ પડે તો સૌ પ્રથમ મારી જાતને સુધારીશ.

રાજગુરૂએ આ ત્રીજા રાજકુમાર પર પસંદગીની મહોર મારી દીધી. રાજાના ઉત્તરાધિકારી તરીકે ત્રીજા રાજકુમારની નિયુક્તિ થઇ ગઇ.

— શૈલેષ સાગપરીયા

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૧૦-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________


**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________


ફોટો



આપેલ વસ્તુને તેના આકાર પ્રમાણે સામ સામે જોડો




ગણતરી કરી યોગ્ય સંખ્યા લખો




કીડીને આઈસ્ક્રીમ સુધી પહોંચવામાં રસ્તો શોધવામાં મદદ કરો







ચાલો ચૂઝી દોરતા શીખીએ.




નીચેના ચિત્રોમાં જુદા પડતા ચિત્ર ફરતે ગોળ દોરો





આપેલા આકાર કટ કરી ચિત્રમાં યોગ્ય જગ્યાએ ચોંટાડી ચિત્ર પૂર્ણ કરો



## આપેલા ચિત્રમાં ૬ તફાવત છે તે શોધો




## આપેલી વસ્તુઓને નીચે આપેલા ખાનામાં કાપીને ચોંટાડો



| પ્રાણીઓ | ખાવાની વસ્તુઓ |
|---|---|
| | |

## બાદબાકી કરો

ઉદાહરણ




5 – 3 = 2 (5, 3, જવાબ 2)


1 2 3 4 5 6 7 8 9 10




4 – 3 = ______




2 – 2 = ______




3 – 1 = ______



5 – 2 = ______




3 – 2 = ______





5 – 1 = ______

## યોગ્ય ગણતરી કરો




## દર્શાવેલા નંબર જોડો





# ઉરીના આતંકી હુમલા પછી...

૧૮મી સપ્ટેમ્બર, રવિવાર સવારે લગભગ પાંચ વાગે ઉરી સ્થિત ભારતીય સેનાના ૧૨મી બ્રિગેડના મુખ્યાલય પર પાકિસ્તાનથી આવેલા ચાર આંતકીઓએ હુમલો કર્યો. એ હુમલામાં સેનાના ૧૭ જવાનો શહિદ થયા. ૧૩ જવાનો આગમાં બળી જવાથી મૃત્યુ પામ્યા. અને લગભગ ૩૦ જવાનો ને દાઝવાથી ઈજા થઇ. ચારે આંતકવાદીઓ ને લગભગ ચાર થી પાંચ કલાકમાં ઠાર કર્યા અને એમાં સેનાના બીજા ચાર જવાનો શહિદ થયા. આ હુમલા પછી ભારતના લોકોનો ગુસ્સો સાતમાં આસમાન પર પહોંચી ગયો છે. ભારત સરકારે એકદમ આક્રમક મુદ્રા ધારણ કરી દીધા છે. અને આ હુમલાનો વળતો જવાબ આપવાનો વાયદો લોકોને આપ્યો.

ભારતનો વળતો જવાબ અને ભારત પાસેના વિકલ્પો વિષે ચર્ચા કરીએ એ પહેલા બે મુદ્દાનો ઉલ્લેખ કરવો જરૂરી છે. પહેલો પ્રશ્ન એ છે કે શું તમે પોતે અંગત રીતે આંતકથી પીડીત છો. ? આનો જવાબ લગભગ બધા 'ના' માં આપશે. કારણકે તમારા પોતાના કોઇ સગા સંબંધી આંતકી હુમલામાં મરી નથી ગયા કે કોઇને ઇજા નથી થઇ. આજ વિચારના કારણે ભારતના કહેવાતા બુદ્ધિજીવીઓ, ઘણા રાજકારણીઓ અને ફિલ્મી હસ્તી જેવા લોકપ્રિય લોકો આવા હુમલા પછી પણ શાંતિની વાતો અને સાંસ્કૃતિક આપ-લે ની વાતો કરે છે. પણ આ શાંતિની વાતો કરનારામાંથી કોઇના છોકરાઓ કે સગા-સંબંધી સેના અથવા અર્ધ-સૈનિક બળમાં જોડાયા નથી. આમના શાંતિના વ્યક્તવ્ય સાંભળીને આપણામાંથી ઘણા બધા એ વિચાર ધારામાં વહી જાય છે. પાકિસ્તાનને પણ આ વાત ખબર છે. અને એનો એ ઉપયોગ પોતાના હિત ખાતર કરે છે. ભારતના આવા બુદ્ધિજીવીઓને પાકિસ્તાનમાં સેમિનારના નામે બોલાવી, એમની સારી ખાતરદારી કરે છે. અને આ લોકો પછી ભલે ગમે તે થાય પણ પાકિસ્તાન સામેના કડક પગલાનો હંમેશા વિરોધ કરતા હોય છે. અને પહેલાની બધી ગવર્મેન્ટની આજ રીતે શાંતિ અને વાર્તાલાપની પોલીસી હતી.

બીજો અગત્યનો મુદ્દો આપણે સમજવાનો છે. કે આપણે સૌ કોઇ આવા આંતકી હુમલાનો ભોગ બનીએ છીએ. આવા હુમલાને કારણે સુરક્ષામાં વધારો કરવો પડે છે. હોટલ અને મોલમાં સુરક્ષાને કારણે આપણે જે સામાન ખરીદીએ છીએ અને જે ખાઇએ છીએ એ બધામાં સુરક્ષાને કારણે થતા ખર્ચના હિસ્સાથી પૈસા વધુ ચુકવવા પડે છે. ગવર્મેન્ટ પણ વધુ કર નાખે છે. હેલ્થકેર અને શિક્ષણમાં પૈસા ખર્ચ કરવાને બદલે ઘણો ભાગ સુરક્ષામાં ખર્ચ કરવો પડે છે. આપણા દેશમાં આને કારણે વિકાસ માટેના પૈસા ઘટી જાય છે. આંતકી હુમલાને કારણે બહારથી આવતુ નાણું પણ ઓછુ થઇ જાય છે.

તો પછી પ્રશ્ન એ થાય કે આવા આંતકી હુમલા પછી આપણી પ્રતિક્રિયા શું હોવી જોઇએ. તમારા ઘરમાં કોઇ બહારનો વ્યક્તિ તમારો એક રૂમ લેવા અંદર દાખલ થાય અથવા તો તમારા કોઇ કુટુંબીજનને ઈજા કરે તો તમારી પ્રતિક્રિયા શું હશે.? એ જ પ્રતિક્રિયા આપણે પાકિસ્તાન સાથે હોવી જોઇએ. કારણકે ભારત આપણુ ઘર છે. ભારત આપણી માતા છે.

જો આપણે આ વિચારધારાથી ચાલતા હોઇએ, તો પાકિસ્તાન જ્યારે આપણી જમીન પચાવી પાડવા માગતુ હોય, આપણા ભારતીય ભાઇ-બહેનને મારી નાખે અથવા ઈજા પહોંચાડે છે. તો એ વખતે આપણે શાંતિની વાતો કેમ કરીએ છીએ. આપણે પાકિસ્તાને આટલી બધી દોરી કેમ આપીએ છીએ. ઢીલ આપવા કરતા દોરી ખેંચતા કેમ નથી ? આપણે પાકિસ્તાન સાથેના પાંચે યુદ્ધ જેમાંથી ત્રણ મુખ્ય હતા. એ જીતી ગયા. ૧૯૭૧માં તો આપણે ૯૦,૦૦૦ પાકિસ્તાની સૈનિકોને બંધક બનાવ્યા અને એમની સરહદમાં ઘૂસી ગયા હતા. આ બધા યુદ્ધમાં સૈન્યએ જીત અપાવ્યા છતાં આપણે વાટાઘાટના ટેબલ પર આ બધી જીતેલી બાજી પોલીટીકલી હારી ગયા. જીતેલી બાજી હારી ગયા. એનું કારણ આજ શાંતિ અને વાર્તાલાપની માનસિકતા હતી. ૧૯૭૧માં ૯૦,૦૦૦ સૈનિક અને પાકિસ્તાનની જીતેલી જમીનના બદલામાં શું Pok માંગી ન શક્યા હોત ?

આંતકના ઘોઘાટમાં શાંતિવાર્તાનો અવાજ સંભળાતો નથી. આ નવી વિચારધારા સાથે ૨૦૧૪માં મોદી સરકાર આવી. સરકારે છેલ્લા અઢી વર્ષમાં પાકિસ્તાન સાથે વાટાઘાટ અને મૈત્રીનો હાથ લંબાવી બધા પ્રશ્નોના ઉકેલ માટે પ્રયત્નો કર્યા. પણ છતા પાકિસ્તાનનું વર્તન બદલાયુ નહીં. પહેલાની જેમજ આંતકીઓની ધૂષણો ચાલુ રહી અને ખરેખર તો વધી. જાન્યુઆરીમાં પઠાનકોટ, શ્રીનગરમાં પથ્થર બાજી અને હવે ઉરીમાં હુમલો આ બધા જ બનાવો એ ભારતને ઉંઘમાંથી ઉઠાડી દીધા હોય એવું લાગે છે. લોકોનો ગુસ્સો આસમાને છે. અને સરકાર પાસે કડકમાં કડક પગલાં લેવાની આશા રાખે છે.

ભારત પાસે પાકિસ્તાનને પાઠ પઢાવવા માટેના ત્રણ રસ્તા છે. પહેલો ડિપ્લોમસી અને ડિપ્લોમેટના નુસ્ખા, અને આખરી સેનાનો ઉપયોગ ભારતે ત્રણે રસ્તાને ખૂલ્લા કરી અને વાપરવાની જરૂર છે. અને મને લાગે છે કે ભારતે આ ત્રણે રસ્તા છેલ્લા વર્ષમાં બહુજ સારી રીતે વાપર્યા છે.

આપણે જો છેલ્લા બે વર્ષમાં યુરોપ અને અમેરિકામાં થયેલા આંતકી હુમલાનું વિશ્લેષણ કરીએ તો બધામાં પાકિસ્તાન સંબંધ દેખાય છે. માત્ર યુરોપમાં જ છેલ્લા બે વર્ષમાં ૨૭૮ લોકો આંતકને કારણે મૃત્યુ પામ્યા. આ બધા હુમલાઓ એ આંતકની સામે બધા દેશોને એકસાથે થવા માટે મજબૂર કરી દીધા છે. અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ પણ પાકિસ્તાનના આંતકથી ત્રાહિમામ થઈ ગયા છે.

આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમની પોતાની આકર્ષક શૈલી અને સહજ આવડતથી દુનિયાના બધા દેશોને આંતકનો ખતરો અને ભારતની મુશ્કેલી સમજાવી અને બધા દેશોને ભારતના દ્રષ્ટિકોણથી વિચારતા કરી દીધા. પાકિસ્તાનના કહેવાતા દોસ્ત દેશો જેવા કે સાઉદી અરેબિયા અને ઈરાનને પણ ભારતનો પક્ષ લેવા મજબુર કર્યા. આ બધી મહેનત પ્રધાનમંત્રીની ઓફિસ અને વિદેશ મંત્રાલયે પરસ્પર તાલમેલથી બહુજ સારી રીતે અસરકારક પદ્ધતિથી પાર પાડી. ૨જી જાન્યુઆરીના પઠાનકોટના આંતકી હુમલાથી આ પ્રયત્ન પૂરજોશથી કરવામાં આવ્યા. અમેરિકન કોગ્રેસના મોદીના ભાષણની બહુજ સારી અસર પડી.

૧૫મી ઓગષ્ટના પ્રધાનમંત્રીના ભાષણોમાં પોલીસી બદલી અને બલુચીસ્તાનમાં થઇ રહેલા અત્યાચાર દુનિયા સામે ઉજાગર કર્યો. UN ભાષણમાં શ્રીમતી સુષ્મા સ્વરાજે પાકિસ્તાનનો આંતક સાથેનો સંબંધ જોરશોરથી ઉઠાવ્યો અને પહેલીવાર સ્પષ્ટ ભાષામાં કહ્યું કે કાશ્મીર (Pok સાથે) ભારતનું એક અખંડિત અંગ છે. અને પાકિસ્તાન એના મનસુબામાં કદાપી કામ્યાબ નહી થાય.

Saark ની કોન્ફરન્સ જે નવેમ્બરમાં ઈસ્લામાબાદમાં યોજવામાં આવી હતી. તેનો ભારતે બહિષ્કાર કર્યો. અને ચાર બીજા દેશો ભારતની સાથે જોડાયા. આના કારણે આ કોન્ફરન્સને મોકૂફ રાખવામાં આવી છે. Saark માં જે પણ વિકાસ અને દેશોને જોડાવવાની યોજનાઓ લાગુ કરવામાં આવી રહી છે એ બધામાં પાકિસ્તાનના વિરોધના કારણે વિલંબ થતો હતો. અને એ પાકિસ્તાન વગર એનો અમલ થઇ રહ્યો છે.

આ રીતે પાકિસ્તાન પોતાના જ દક્ષિણ એશિયાઇ દેશોમાં એકલુ પડી ગયુ છે. અને એને વધુ એકલુ પાડવાના પ્રયત્નએ જોર લીધુ છે. અમેરિકા સેનેટમાં પાકિસ્તાનને આંતકી દેશનો દરજ્જો આપવાનો ખરડો દાખલ થયો છે. એ જ રીતે ભારતીય પાર્લામેન્ટમાં પણ સ્વતંત્ર સભ્ય શ્રી સરીને ખાનગી સભ્ય ખરડો રજુ કર્યો છે. અને આગલી લોકસભા સત્રમાં એ પાસ થાય એવી આશા છે.

આર્થિક બાબતમાં પણ પાકિસ્તાનની મુશ્કેલી વધારવાના નુસ્ખા અમલમાં મુકવાનુ વિચારાઇ રહેલુ છે. ઈન્ડસ વોટર કરારને ન પાળવા એનો ફરીથી વિચાર કરાઇ રહ્યો છે. પાકિસ્તાન આનાથી મુશ્કેલીમાં આવી ગયુ છે. અને સક્રિય રીતે વર્લ્ડ બેંક અને આંતરરાષ્ટ્રીય કોર્ટના દરવાજા એણે ખખડાવ્યા છે.

પાકિસ્તાનને MFU (Most Favourt Na...) નો જે દરજ્જો આપવામાં આવેલ છે. એ પણ પાછો ખેંચી લેવાની વિચારણા ચાલે છે. જો કે એનાથી પાકિસ્તાનને બહુ નુકશાન નહી થાય. કારણકે ભારતથી મોટાભાગની નિકાસ પાકિસ્તાનને પરોક્ષ રીતે દુબઇથી થતી હતી.

જો આપણે પાકિસ્તાનને આંતકી દેશ જાહેર કરીએ તો એના ઉપર આર્થિક પ્રતિબંધો લગાવી શકીએ. અને જો કોઇ બહારની કંપની પાકિસ્તાન સાથે બિઝનેસ કરે તો એ કંપનીને ભારતમાં બિઝનેસ નહી કરવામાં આવે એવી નીતિ પણ અમલમાં લાવી શકીએ. અને એનાથી પાકિસ્તાનની કથળતી આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઇ જશે.

સૌથી છેલ્લુ શસ્ત્ર જે આપણી પાસે છે તે આપણી કુશળ સૈનિક શક્તિ છે. આજ સુધી બધા યુદ્ધમાં આપણે આજ શક્તિથી જીતેલા છીએ. અને આગળ પણ પાકિસ્તાનના દાંત ખાટા કરી શકીએ એમ છીએ. આ શક્તિનો ઉપયોગ બે રીતે થઇ શકે. એક તો સર્જીકલ સ્ટ્રાઇક મોકલીને જેનાથી આંતકી શિક્ષણ કેમ્પને ખલાસ કરી શકાય. અને આનો ઉપયોગ ભારતે ૨૯ સપ્ટેમ્બરે કર્યો અને ૧૦ જેટલા કેમ્પનો નાશ કરી લગભગ ૪૦ જેટલા આંતકીઓને ઠાર કર્યા. પણ આ કેમ્પ ફરી જલ્દીથી એકત્ર થઇ શકે એમ છે. એને કારણે ભારતે ફરીવાર આવા હુમલા કરી રાખવા પડશે. અને બીજા સૈન્યનો ઉપયોગ કરીને પુરેપુરું યુદ્ધ કરી પાકિસ્તાનને પાઠ ભણાવી શકાય. આ માર્ગ છેલ્લા માર્ગ તરીકે વાપરવો જોઇએ, પાકિસ્તાન રોજ ભારતને પરમાણુ શસ્ત્રનો ઉપયોગ કરવાની ધમકી આપે છે. હા એ ખતરો છે. પણ ખતરાથી ડરી જઇને બેસી રહેવાનો સમય જતો રહ્યો છે. એ ખતરાને ધ્યાનમાં રાખી આપણી યુદ્ધ રણનિતિ બનાવી અને યોગ્ય પગલા સમયસર અને સાચા સમયે સરકાર લેશે એવી મને ખાતરી છે.

આજે એ હકિકત છે કે લોકોનો પારો ઉપર છે. પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે બધા ઉત્સુક છે. પણ સરકારે જે પગલા અત્યાર સુધી લીધા છે. એનાથી તો આપણે બધાને ખાતરી થવી જોઇએ કે આ સરકાર ચોક્કસ જે કહે છે એ કરશે અને પાકિસ્તાનને ઘુંટણે પડવા માટે મજબર કરશે. સર્જીકલ સ્ટ્રાઇક કરીને ભારતે બતાવી દી ધુ છે દુનિયાને કે અમે અમારૂ યુદ્ધ જાતેજ લડી લઇશું. અમે અમારૂ કામ કરીશુ અને એની શરૂઆત કરી દીધી છે. અને દુનિયાના દેશોને સંદેશ મોકલ્યો છે કે હવે તમારે તમારી જવાબદારી આ બાબતમાં બજાવવાની છે. આપણી અને દુનિયાની જવાબદારી છે કે પાકિસ્તાનને માનવતા પર અત્યાચાર કરતા રોકે અને એ માટે જે પણ થઇ શકે એ જલ્દી થી જલ્દી પણ સાચા સમયે કરવું. એ ભારતની પહેલી ફરજ છે. અને એ ફરજ બજાવતા ભારત પાછુ નહી પડે એ ચોક્કસ છે.



**વેટરન વિંગ કમાંન્ડર**
**જયદેવ દેસાઇ**



RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad. All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386